# 8. 'ભાવનગર સમાચાર' અને સાંસ્કૃતિક વિકાસ

## પ્રસ્તાવના :

ભાવનગર સમાચારે ભાવનગરના લોકોના સાંસ્કૃતિક વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે. 'ભાવનગર સમાચાર' દ્વારા ભાવનગર ના લોકોમાં અક્ષરજ્ઞાન વધારવાની યોજનાઓ રજૂ કરવામાં આવતી હતી. લોકોને સાક્ષરતાથી થતા ફાયદઓ જણાવવામાં આવતાં હતા. જ્યારે વડોદરા રાજ્ય 23% સાક્ષરતા ધરાવતું હતુ ત્યારે ભાવનગર રાજ્યની સાક્ષરતાના દર બતાવવમાં આવતા હતા. તેની સાથે [ઇ.સ 1941 ની] ભાવનગરની સાક્ષરતાના આંકડાઓ પણ ભાવનગર ની પ્રજા માટે 'ભાવનગર સમાચાર'માં રજૂ કરવામાં આવતા હતાં અને શિક્ષણ પામેલ સમાજ માટે પણ કેટલીક માર્ગદર્શક સુચનાઓ ભાવનગર સમાચારે પોતાના અંકોમાં નવલખા વિશે પણ માહિતી રજૂ કરીને લોકોના સાંસ્કુતિક વિકાસમાં ફાળો આપ્યો હતો.

## 8.1 કેળવણી :-

'ભાવનગર સમાચાર' ના ગયા અંકમાં આ સંસ્થાનનું ક્ષેત્રફળ, વસતિ, સંસ્થાનનાં ખાલસા અને બારાખળી ગામોની સંખ્યા, ગ્રામપંચાયત, સહકારી મંડળી તેમજ ગૌધન સબંધી હકીકત આપવામાં આવી હતી.

ભાવનગર રાજયમાં "શામળદાસ કોલેજ" એક આર્ટ્સ કોલેજ, ભાવનગરમાં છે. તેમાં ઇન્ટર સાયન્સનાં વર્ગો પણ છે. કોલેજમાં હાલ બધા મળીને કુલ 577 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ પૈકી 272 વિદ્યાર્થીઓ ભાવનગર રાજયના વતની છે. અને 305 વિદ્યાર્થીઓ બીજા રાજયો, એજન્સી અને બ્રિટિશ પ્રદેશના છે.

| વર્ગ | ભાવનગર રાજય | બીજા રાજય | એજન્સી | બ્રિટિશ | કુલ |
|---|---|---|---|---|---|
| સી.બી.એ | 26 | 29 | 1 | 4 | 60 |
| જા.બી.એ | 34 | 20 | 2 | 9 | 65 |
| ઇન્ટર આર્ટ્સ | 59 | 44 | 2 | 21 | 126 |
| ઇન્ટર સાયન્સ | 22 | 27 | 1 | 17 | 67 |
| પહેલું વર્ષ આર્ટ્સ | 81 | 63 | 3 | 15 | 162 |
| પહેલું વર્ષ સાયન્સ | 50 | 24 | 1 | 22 | 97 |

કોઠા ક્રમાંક 7 શામળદાસ કોલેજમાં વિદ્યાર્થીઓ ની સંખ્યાનો ચાર્ટ

કોલેજને લાગતી રેસિડેન્સીમાં 177 વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે છે. પરંતુ હાલ 180 વિદ્યાર્થી રહે છે.

સંસ્થામાં એકંદર હાઇસ્કુલો 7 છે. તે પૈકી :

ભાવનગરમાં 3 (2 રાજયની અને 1 ગ્રાન્ટ લેનારી શાળા)

બોટાદમાં 1 (શિહોરમાં 1)

મહુવામાં 1 (કુંડલામાં 1)

મિડલ સ્કૂલોની સંખ્યા 5 છે. તે નીચે પ્રમાણે છે.

1. નંદકુંવરબા ઝનાના બોર્ડિંગ સ્કુલ

2. ભાવનગર એ. વી .સ્કુલ

3. તળાજા મિડલ સ્કુલ

4. રાજુલા મિડલ સ્કુલ

5. ગઢડા મિડલ સ્કુલ

આ ઉપરાંત અંગ્રેજી વર્ગો 9 છે. અને તે ઉમરાળા, ધોળા, ચોગઠ , ત્રાપજ, ભૂંભલી, કોળિયાક, ડુંગર, લિલિયા અને મહુવા ગર્લ્સ સ્કૂલમાં છે.

રાજયમાં પ્રાથમિક શાળાઓની સંખ્યા 332 છે. પાંચસોની વસ્તીવાળા દરેક ગામે એક પ્રાથમિક શાળા છે. અને તેથી ઓછી વસ્તીવાળા કેટલાંક ગામોએ પણ નિશાળ ઉઘાડવામાં આવી છે. પ્રાથમિક શાળાઓ પૈકી 37 કન્યાશાળાઓ છે.

રાજયમાં ગ્રાન્ટ ઈન એઇડ સ્કૂલો એકંદરે 23 (સનાતન ધર્મ હાઇસ્કુલ સહિત) છે. અને તેને ના. દરબારશ્રી તરફથી ગ્રાન્ટ આપવામાં આવે છે. આ ઉપરાંત ઘરશાળા (ભાવનગર) અને ભાદ્રોડ અંગ્રેજી ક્લાસ બંને ગ્રાન્ટ નથી લેતા પણ તેને માન્ય રાખવામાં આવેલ છે.

આ બધી કેળવણી સંસ્થાઓમાં એકંદરે 33, 805 વિદ્યાર્થીઓ છે. બીજી નિશાળો 117 છે અને તેમાં 8,389 વિદ્યાર્થી છે. એટલે કુલ વિદ્યાર્થી 42,194 છે.

શિહોર પાસે આંબલા ગામમાં લોકશાળા, ગ્રામ પુનર્યોજના- શાળા શ્રી નાનાભાઈ ભટ્ટ ચલાવે છે. અને તેને ના. દરબારશ્રી તરફથી મદદમાં રૂ. 1100 કાયમી રૂ. 5000 પાંચ વર્ષ માટે આપવામાં આવેલ છે., અને મકાન બાંધવા માટે રૂ. 5000 એક સાલી આપવામાં આવ્યા છે.

રાજયમાં એકંદર હરિજન શાળાઓ 10 છે. અને તેમાં 331 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ના. દરબારશ્રીની સામાન્ય શાળાઓમાં હરિજન વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાનો કોઈ પ્રકારનો પ્રતિબંધ નથી.

ભાવનગર સંસ્થાઓમાં પોતાનું એક બૉયસ્કાઉટ એસો-સિયેશન અને તેના ચીફ સ્કાઉટ ના. કુમારશ્રી નિર્મલકુમારસિંહજી છે. એકંદરે રોવર અને કાઉંટ તથા ક્લઝની સંખ્યા લગભગ 2000 છે.

મોતીબાગમાં ન્યાયશાળા ચાલવામાં આવે છે. તેમાં એકંદરે 100 યુવકો વ્યાયામની તાલીમ લે છે.

ઉપરની બધી કેળવણી ની સંસ્થાઓમાં ભાવનગર રાજય વાર્ષિક રૂ. 6,10,675 ખર્ચે છે. તે પૈકી કોલેજના ખર્ચ 78,474 થવા જાય છે.

પન્નાના નામદાર મહારાજા સાહેબના કુંવરી સાહેબના લગ્ન પ્રસંગનો ખરીતો લઈને પન્નાથી ડેપ્યુટેશન આવતાં તેને નેક નામદાર મહારાજા સાહેબ તા. 26-01-1940 ને રોજ સાંજના મુલાકાત આપી હતી.

તા. 26-01-1940 ને રોજ મી.જે.એસ. એચ. શેટક અને મી. ક્લાર્ક નામદાર મહારાજા સાહેબ સાથે રાત્રે નિલમબાગ ખાણું લીધુ હતું. મેં. મુખ્ય દીવાન સાહેબ અને રેલવે મેનેજર મી. બ્રિબા પણ ખાણાં ઉપર હતા.

વનિતા વિશ્રામના સંચાલક નાની બહેન ગજ્જરને તા. 27-01-1940 ને રોજ સવારે ના. મહારાજા સાહેબ તથા આ.સૌ. નામદાર મહારાણી સાહેબે મુલાકાત આપી હતી

## 8.2 રાજયના વૈદકીય પ્રવૃત્તિ :-

સંસ્થાન ભાવનગર રાજયના વૈદિક ખાતા હસ્તક વૈદકીય મદદ આપતી કુલ 43 સંસ્થાઓ છે. તે પૈકી 3 હોસ્પિટલો છે.

1. સર તખ્તસિંહજી હોસ્પિટલ - ભાવનગર

2. શ્રી ગોપાનાથજી મેટરનિટી હોસ્પિટલ- ભાવનગર

3. શ્રીમતી ગોમતીબાઈ મેટરનિટી હોસ્પિટલ - મહુવા

તળ ભાવનગરમાં નીચે પ્રમાણે દવાખાનાઓ  છે.

સર જસવંતસિંહજી દવાખાનું, જુવાનસિંહજી દવાખાનું, લાન્સર્સ દવાખાનું, જેલ દવાખાનું, બેનબા નાનીબેન ફિમેલ દવાખાનું, ઉમ્મરજાનભાઈ ફિમેલ દવાખાનું.

આ ઉપરાંત દેશી વૈદકીય પદ્ધતિએ ચાલતું ભાઈચંદ મોતીચંદ ફ્રી દવાખાનું છે.

સર તખ્તસિંહજી હોસ્પિટલમાં પણ આઉટડોર દવાખાનું છે. એ ઉપરાંત મહાલોમાં - મહુવા, કુંડલા અને શિહોર દવાખાનાંઓ ગ્રેજ્યુએટ ડોક્ટરો ચલાવે છે.

બોટાદ, ઉમરાળા, ગઢડા, લિલિયા, રાજુલા, તળાજા, કોળિયાક અને જેસર ગામોના દવાખાનાંઓ સબ આસિસ્ટન્ટ સર્જનો ચલાવે છે.

સથરા, વિક્ટર, શ્રીખોડિયાર મંદિર, અને શ્રી કૃષ્ણકુમારસિંહજી ત્રાપજ દવાખાનાંઓના કમ્પાઉન્ડરો ચલાવે છે.

એ ઉપરાંત દેશી દવાઓથી ચાલતાં દવાખાનાં ગ્રામ્ય પ્રજાજનોની સગવડતા ખાતર નીચેના ગામડાઓમાં ખોલવામાં આવ્યા છે.

ભંડારીયા, ઠળિયા, દિહોર, ગુંદરણા, વંડા, કાંકજ, વિજયડી, ડુંગર, બગદાણા, નિંગાળા, લાઠીદળ, ઉમરાળા અને અળેધાઈ એ રીતે પંદર દવાખાનાંઓ દેશી વૈદોથી ચલાવાય છે.

ઉપરાંત અઘેવાડા અનાથાશ્રમ ખાતે એક અલગ દવાખાનું છે, જે સબ આસિસ્ટન્ટ સર્જન ચલાવે છે.

સર તખ્તસિંહજી હોસ્પિટલમાં દર્દીઓ માટે  દોઢસો બિછાનાં છે.

શ્રી ગોપીનાથજી મેટરનિટી હોસ્પિટલમાં સુવાવડ માટેનાં બાર બિછાનાં છે અને શ્રીમતી ગોમતીબાઈ મેટરનિટી હોસ્પિટલ, મહુવામાં સુવાવડનાં છ બિછાના છે.

સને 1938-39 માં આ બધા દવાખાનાંઓ માં બહારનાં દર્દીઓ તરીકે કુલ 2,45,545 દર્દીઓની સારવાર કરવામાં આવી છે.

અને હોસ્પિટલમાં કુલ 3281 દર્દીઓની સારવાર કરવામાં આવી છે.

બધા દવાખાનાંઓમાં બહારના દર્દીઓની સરેરાશ સંખ્યા દરોજની દવા લેનાર તરીકેની 4,917.5 છે.

ત્રણે હોસ્પિટલનાં દર્દીઓની સરેરાશ સંખ્યા દરોજની 131 છે. હોસ્પિટલમાં રાખી જ દર્દીઓની સારવાર કરવામાં આવી છે તે 3281 દર્દી પૈકી ફક્ત 75 મરણ થયાં છે. તે ઉપરથી 2 1/4 નું સરેરાશ મૃત્યુ પ્રમાણ ગણાય. આખા વર્ષમાં કુલ 24,400 ઓપરેશન કરવામાં આવ્યા છે. બાકીના બધા સારા થયાં છે.

ગામડાઓમાં ખોલેલા દેશી દવાખાનાઓ માં કુલ 23,054 દર્દીઓને સારવાર આપવામાં આવી છે, અને દરોજની બધાં દવાખાનાઓ ની સરેરાશ હાજરી 301 ની છે.

વૈદિક ખાતાની હોસ્પિટલો દવાખાનાઓ માટેની દવાઓ વગેરેની ગ્રાન્ટ રૂ. 46,500 ની છે. દેશી દવાઓ માટેની ગ્રાન્ટ રૂ. 2500 ની છે.

એ ઉપરાંત ગામડાઓમાં તાવ માટેનાં સુદર્શનનાં પડિકાઓ વસૂલાત ખાતા મારફત ગામડાઓમાં મફત વહેંચવામાં આવે છે. ખાસ નોંધવા લાયક બીના આ ખાતા માટે એ છે કે બધી કોમોના દર્દીઓ એક સાથે ઊભા રહી દવા લઈ શકે છે. મતલબ સવર્ણ-અવર્ણનો બિલકુલ ભેદભાવ રાખવામાં આવતો નથી. ઉપરાંત, કોઈપણ દવાખાનાં પર દર્દીને કાંઈ ચાર્જ આપવો પડતો નથી. મતલબ પ્રત્યેક દર્દી માટે દાક્તરી તપાસ અને સારવાર મફત આપવામાં આવે છે.

ભાવનગર રાજયની પ્રજાની સગવડતા ખાતર, હડકાયાની સારવાર કરવાનું, ભાવનગર સર તખ્તસિંહજી હોસ્પિટલમાં રાખવામાં આવ્યું છે. જ્યાં ભાવનગર રાજયની પ્રજાને તદ્દન મફત સારવાર આપવામાં આવે છે.

1938-39 માં કુલ 454 દર્દીઓ એ સારવાર લીધી છે. એ ઉપરાંત Leprosy ના જે દર્દીઓ આવે છે તેને પણ તખ્તસિંહજી હોસ્પિટલમાં મફત સારવાર આપવામાં આવે છે.

**નર્સિંગ** : - તળ ભાવનગરમાં સર તખ્તસિંહજી હોસ્પિટલ તથા શ્રી ગોપીનાથજી મેટરનિટી હોસ્પિટલમાં નર્સિંગના વર્ગો ખોલવામાં આવ્યા છે.

આ વર્ગોમાં એક સમગ્ર સંપૂર્ણ નર્સિંગ માટે છે. અને બીજા દાયણનાં વર્ગો ખોલવામાં આવ્યા છે.

આ વર્ગોમાં એક સમગ્ર સંપૂર્ણ નર્સિંગ માટે છે .અને બીજા દાયણનાં વર્ગો છે. તેનો અનુક્રમે ત્રણ વર્ષ અને ત્રણ માસનો કોર્ષ છે. અને તેમાં બાર વિદ્યાર્થીઓને નર્સિંગ તથા દાયણનું શિક્ષણ આપવાનો પ્રબંધ છે.[1]

## 8.3 શામળદાસ કોલેજ

ચાલુ વર્ષમાં માર્ચ 1940 માં લેનારી ઇન્ટરમિડિએટ સાયન્સની યુનિવર્સિટી પરીક્ષાને માટે ભાવનગર સેન્ટર યુનિવર્સિટી તરફથી નક્કી કરવામાં આવ્યું છે.

આથી અહીંના ઇન્ટરમિડિએટ સાયન્સના વિધાર્થીઓને પરીક્ષાને માટે બહારગામ જવા વગેરેની હાડમારીઓ પછી ભોગવવાની રહેશે નહીં.

શામળદાસ કોલેજમાં એમ.એ નાં અભ્યાસ કરતાં જાણીતા ક્રિકેટર હિમ્મતલાલ અધ્યાપકને આ વર્ષે મુંબઈ યુનિવર્સિટીએ પોતાની ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે ચૂંટેલ હતા. તેમની સરદારી નીચે યુનિવર્સિટી ટીમે બારીઆ અને નાગપુર, અલ્હાબાદ, અલીગઢ અને મૈસુર યુનિવર્સિટીઓ સામે એક પછી એક મેચો રમી ઉત્તરોત્તર વિજય મેળવી છેવટે મુંબઈ યુનિવર્સિટી ટીમ ચેમ્પિયન થઈ હતી.

દર વર્ષેની માફક આ વર્ષ પણ કોલેજબોટ કોલેજની હરીફાઈ તા.30-01-1940 ની સાંજે ગૌરીશંકર તળાવ ઉપર થઈ હતી. જે વખતે નેક નામદાર મહારાજા સાહેબ મેં. મુખ્ય દીવાન સાહેબ, રાજયના મહેમાન શ્રી ક્લાર્ક, કોલેજના પ્રિન્સિપાલ તથા સ્ટાફ અને વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. આ હરીફાઈમાં પહેલા નંબરની ચાર ચાર બોટોમાં તેમજ બીજા નંબરની ચાર ચારની  બોટોમાં ગ્રીન્સની જીત થઈ હતી. અને શિખાઉ બોટમેન ની બબ્બેની બોટોમાં બ્લૂઝની જીત થઈ હતી. તે દીવાન સાહેબ શ્રી અનંતરાય પટ્ટણી અભ્યાસ કાળમાં કેમ્બ્રિજ યુનિવર્સિટીની પોતાની કોલેજમાં પહેલી બોટમાં ત્રણ વરસ હતા, જેવોએ આ કોલેજની બોટ કલબની જૂનો કેમ્બ્રિજ બોટ ક્લબનો કોટ છે. તે પહેરી શરતને સ્ટાર્ટ આપવાનું કામ કર્યું હતું.

આ બોટ ક્લબની સ્થાપના શ્રીયુત અનંતરાય પટ્ટણીને આભારી છે. તેમજ તેમણે સને. 1930 થી ક્લબના સ્થાપનાકાળ થી લગભગ સાત વર્ષ સુધી પ્રોફેસરો અને વિદ્યાર્થીઓને બોટિંગ શીખવાનું કામ પણ કર્યું હતું અને તે કામ કોલેજના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓએ ઉપાડી લીધું છે.

સાયન્સ એસોસિયેશનના ઉપક્રમ નીચે તા. 29-01-1940 તથા તા. 04-02-1940 ના રોજ સાંજના 5:30 વાગ્યે સ્ટે. એન્જિનિયર શ્રી ઉપેન્દ્રભાઈ ભટ્ટ "આવતી કાલની દુનિયા" એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું તેથી વિદ્યાર્થિઓને ન્યુયોર્કમાં ભરાયેલ વર્લ્ડ ફેર નો ઘણો સરસ ખ્યાલ મળ્યો હતો.

કોલેજના જીમખાના ના ઉપક્રમે નીચે તા. 31/01/1940 ના રોજ બપોરના બે વાગ્યે સરદાર પૃથ્વીસિંહે પ્રિન્સિપાલ શાહાણીના પ્રમુખપણા નીચે શારીરિક કસરત એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ એ પોતે આવતા મે માસ દરમિયાન ચોરવાડમાં જે વ્યાયામ વર્ગ ખોલવાનો છે તેમાં દાખલ થવા માટે આગ્રહ કર્યો હતો. અને વિદ્યાર્થીઓને વ્યાયામ કેટલો આવશ્યક છે તે સુંદર રીતે સમજાવ્યું હતું. [2]

## 8.4 બાલદિન : -

મળેલા ખબરો ઉપરથી જણાય છે કે તા. 16મી ફેબ્રુઆરીનો દિવસ આખા ભાવનગર રાજયમાં મર્હૂમ પૂજયશ્રી સર પ્રભાશંકરના પુણ્યસ્મરણરૂપે બાળકોએ ઉજવ્યો છે. આથી અમે રાજી થયા છીએ. કારણ કે તેઓશ્રીને બાળકો અતિપ્રિય હતા. તે કહેતા કે બાળકોમાંથી મને જીવન મળે છે. જ્યાં જ્યાં તેઓ બાળકોના દર્શન કરતા ત્યાં ત્યાં પોતાપણાના ભાનને ભૂલીને એની રમત ગમતોના અને એમના ટોળામાં ઓતપ્રોત થઈ જતા. બાળસ્વરૂપઃ ઉપર એમને અસીમ શ્રદ્ધા હતી. અને તેથી જયારે જ્યારે પ્રસંગ ઉપસ્થિત થતો ત્યારે મર્હૂમશ્રી એ નિર્દોષ પારેવડાને જરૂર યાદ કર્યા છે. એમને જે કૃષ્ણભક્તના થોડા પદો લખ્યા છે તેમાં કોઈ પદ એવું નથી કે જેમાં એમણે કૃષ્ણના બાળસ્વરૂપઃ અને બાલક્રીડાનું સ્મરણ નહિ કર્યું હોય શ્રી કૃષ્ણના બાલ સ્વરૂપનું કોઈ ચિત્ર લાવતું તો કળાની દ્રષ્ટિએ ચિત્ર ગમે તેવી પંકતિનું હોય છતાં લાવનાર પાસેથી લઇ તેને સંતુષ્ટ કરતાં. પોતાની પાસે આકસ્મિક આવેલું ચિત્ર એમણે એટલા માટે પોતાના ટેબલ ઉપર રાખ્યું હતું કે એ ચિત્રમાં ક્રાઈસ્ટની આસપાસ જુદા જુદા વર્ણ જાતિના બાળકો રમતા હતા. તેઓ ગમે તેવી ગંભીર વિચારણામાં હોય કે અસ્વસ્થ તબિયત હોય પણ બાળકોને જોતા તેવો દુઃખને ભૂલી જતા. એટલે રાજયની શાળાઓમા મર્હૂમશ્રીની

સંવત્સરી નિમિતે બાળકો આનંદોત્સવથી બાળદિન ઉજવે એ યોગ્ય છે. મહૂમે  રચેલી નીચેની પંકતિઓમાં એમની બાળકો ઉપરની પ્રિતીઓને ભકતિ સહજ જણાય આવે છે.

"જગતના બાળક સાથ રમુ છું, જેનો પ્યાર અપાર એ ભોળાને છોડીને શાને, બાંધુ હું ઘરબાર" [3]

## 8.5 ડો. મોન્ટેસરીની જીવન રૂપરેખા:-

ઈટાલીના ગરીબ લોકો માટે રહેવાનો પ્રશ્ન ભારે મહત્વ નો થઈ પડ્યો હતો. એ ગરીબ લોકો ગંદકીમાં સડી રહ્યા હતાં. એ લોકોને ખાનગી જીવન જેવું કશું રહ્યું ન હતું. એક પરમાર્થી સમાજસેવક મી. ટાલમો પાસે આવ્યો.ટાલમોના કાને ડો. મોન્ટેસરીની પ્રવૃત્તિની ખબરો આવી ચૂકી હતી. તેઓ તેને મળ્યા અને એક યોજના વિચારાઈ. તેવો પણ તેવી જ તકની રાહ જોઈ રહ્યા હતાં. પોતાનું વિચાર સ્વાતંત્ર્ય સચવાય તેવું કાર્યક્ષેત્રે તેમણે મળી ગયુ.પરિણામે 1907 ના જાન્યુઆરી માસમાં પહેલું વહેલું બાલગૃહ ઉઘાડ્યું.  ડો. મોન્ટેસરીએ પોતાના શિક્ષણ વિષયક વિચારો એ ગરીબ લોકો પર અજમાવ્યા અને તેમાં તેમને સંપૂર્ણ ફતેહ મળી. દિન પ્રતિદિન તે બાલગૃહ મારફત ઘણાં બાલગૃહો ઉઘડ્યા. અને તેમને સારી ખ્યાતિ પ્રાપ્ત થઈ.

આ જે મોન્ટેસોરી પદ્ધત્તિ છે. યુરોપ, અમેરિકા અને બીજા અનેક સુધારેલા દેશોમાં એ પદ્ધતિ ઉપર બાલમંદિરો આગળ વધી રહ્યા છે. હવે તો થોડાક વર્ષોથી યુરોપ અને અમેરિકાનાં ડો.મોન્ટેસરીની ચાર ચાર કે છ છ માસનો અભ્યાસક્રમ રાખી મોન્ટેસરી પદ્ધતિનો તાત્કાલિક તેમજ વ્યવહારિક પરિચય શિક્ષણકારો ને દુનિયાના જુદા જુદા સ્થળોમાં મોન્ટેસરી સોસાયટીઓ સ્થાપી મોન્ટેસરી પત્રિકા દ્વારા સિદ્ધાંતોના પ્રચાર કરે છે.

ડો. મોન્ટેસરી એક અસાધારણ પ્રતિભાશાળી બાઈ છે. ડો. તત્વવેતા અને ગણિતશાસ્ત્રી હોવા ઉપરાંત એક અદભૂત માનસશાસ્ત્રી છે. એમનામાં સ્વયંપ્રેરણા સર્જનશક્તિ અને શોધકવૃત્તિની કુદરતી બક્ષિસો છે એમ કહ્યા વીના ચાલતું નથી. એમનું વ્યક્તિત્વ આપણા ઉપર સજ્જડ છાપ પાડે છે. તેમનાં સહવાસમાં આવેલાઓ એમનાથી ચકિત થઈ જાય છે .આજે સીત્તેર વર્ષની ઉંમરે પણ તેમનું ચેતનવંતુ અને સ્ફૂર્તિવાળું શરીર સદાય પ્રવૃત્તિમય રહે છે તે સુરૂપ છે, આકર્ષક છે, તેમની વાણી મીઠી છે, તેમનો વાક્યપ્રવાહ સ્વાભાવિક અને સરળ છે. આમ દુનિયામાં આવી પ્રભાવશાળી સ્ત્રીઓ ગણીગાંઠી જ હશે.[4]

## 8.6 નીલમબાગ કુમારશાળા

તા. 16-03-1939 ના રોજ નામદાર યુવરાજશ્રી વીરભદ્રસિંહનો જન્મદિવસ હતો.તેઓશ્રીની કેળવણીનો પ્રારંભ એમને માટે ખાસ ઉઘાડવામાં આવેલ બાલગૃહમાં તા. 14-03-1937 ના રોજ થયો હતો. હાલમાં તેઓશ્રી શહેર ભાવનગરના પ્રતિષ્ઠિત નાગરિકોના  બાળકો સાથે શ્રી નીલમબાગ કુમારશાળામાં અભ્યાસ કરે છે. ના. યુવરાજશ્રી ગુજરાતી ત્રીજા ધોરણમાં તથા ના. કુમારશ્રી શિવભદ્રસિંહજી બીજા ધોરણમાં ભણે છે. શાળામાં સામાન્ય રીતે ચાલતા વિષયો જેવા કે ભાષા શિક્ષણ, ગણિત, ઇતિહાસ, ભૂગોળ, ઉપરાંત કલાના વિષયો સંગીત તથા ચિત્રોનું ખાસ શિક્ષણ વિદ્યાર્થીઓ ને આપવામાં આવે છે. સંગીત શિક્ષક તરીકે શ્રી ગજાનન ઠાકર તથા ચિત્ર શિક્ષક તરીકે ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી સોમાલાલ શાહ કામ કરે છે.

શાળામાં શિસ્તપાલન પર ખાસ લક્ષ અપાય છે. નિત્ય સવારમાં પ્રભુ પ્રાર્થના તથા સ્તવન પછી જ શાળાનું કામ શરુ થાય છે. તથા સાંજે કસરત, કવાયત, ક્રિકેટ, ખોખો વગેરે રમત ગમતમાંથી શાળાનું કામ પૂરું થાય છે.

કુમારશાળામાં હાલ વિદ્યાર્થીઓની કુલ સંખ્યા છવ્વીસ છે. વર્ગો હાલ લીલા બંગલામાં બેસે છે.પણ શાળા માટે એક ખાસ મકાન તૈયાર થવા આવ્યું છે. માટે આવતા સત્રથી વિક્ટોરિયાપાર્ક પાસે આવેલી ટેકરીપર બંધાયેલા એ નવા મકાનમાં શાળા બેસશે.

શાળાના પોતાનાં સહાધ્યાયીઓ સાથે ના. યુવરાજસિંહ તથા કુમારશ્રી શિવભદ્રસિંહજી બંને ઘણાં જ માયાળુ નમ્ર અને આનંદી સ્વભાવને લીધે હળી મળી જાય છે. અભ્યાસમાં બુદ્ધિ શક્તિ અભ્યાસને તરત ઝીલે છે અને રમત ગમતમાં હોંશ થી જોડાય છે.

શાળામાં કુમારસાહિત્ય તથા બાળસાહિત્યના માસિકો તથા પુસ્તકો વસાવામાં આવે છે; અને ઈત્તર વાચનમાં સર્વ વિદ્યાર્થીઓ સારો રસ લેતા જણાય છે.[5]

## 8.7 ભાવનગર સ્ટેટ સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કેમ્પનો ટૂંકો અહેવાલ

જગતભરનું પુનર્વિધાન  થઈ રહ્યું હોય અને લોકોની રહેણી કહેણી, આચાર, વિચાર વિદ્યુત વેગે પ્રગતિ કરી રહ્યા હોય, હુન્નરકલા વેપાર અને વિજ્ઞાનની અનેક શાખા પ્રશાખામાં ઝડપી ફેરફાર  થઈ રહ્યા હોય એવા સમયમાં શિક્ષણકળાની પુરાણી પ્રથા

આવશ્ય ફેરફાર માંગે. આ હેતુને અનુલક્ષી ભાવનગર સ્ટેટના કેળવણી ખાતાએ માધ્યમિક શાળાના મેટ્રી- ક્યુલેટ શિક્ષકો માટે તા. 01-05-1940 થી 11-05-1940 સુધી એક રીફ્રેશર કોર્સ યોજયો હતો. આ કોર્સનો લાભ લેવા હાઇસ્કૂલ અને મિડલ સ્કૂલમાંથી એકંદર 147 ભાઈઓ આવ્યા હતા. બહાર ગામથી આવેલા એ શિક્ષક ભાઈઓ માટે એ.વી સ્કૂલમાં રહેવા, જમવાનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. કેમ્પજીવન નિયમિત બને એવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ રીફ્રેશર કોર્સને અંગે સ્થાનિક અને બહારગામના બાહોશ કેળવણીકારો, વિચારકો અને નિષ્ણાંત શિક્ષકોનાં વ્યાખ્યાન કે કથિત પાઠની યોજના કરવામાં આવી હતી.

શરુઆતમાં જ એટલે તા. 30-04-1940 કે જે દિવસે છેલ્લામાં છેલ્લું મેલ ટ્રેનમાં સર્વને આવી જવાનું હતું તે દિવસે સાંજના મેં. વિદ્યાકારી સાહેબે હાજર થયેલા સર્વ શિક્ષક ભાઈઓને રીફ્રેસર કોર્સ, કેમ્પજીવન અને પરસ્પરનાં વિચારો કે અનુભવની આપ લે કરવા ચર્ચાયોજના ને અંગે માર્ગ સૂચન કર્યું હતું. તદઉપરાંત ભાવનગર એ.વી.સ્કુલનાં હેડ માસ્ટર મી.વિનાયકરાવને સ્થાનિક વ્યવસ્થાનું અને ગઢલા મિડલ સ્કુલનાં હેડ માસ્ટર મી. છોટાલાલને કેમ્પનિયામક તરીકેનું કામ સોંપવામાં આવ્યું હતું.

તા. 01-05-1940 નાં રોજ કલાકે મેં. વિદ્યાધિકારી સાહેબે રીફ્રેશર કોર્ષનો હેતુ અત્યારની દુનિયાની વચ્ચે શિક્ષક તરીકેનું સ્થાન ટકાવી રાખવા અને આધુનિક દુનિયાની વચ્ચે શિક્ષક તરીકેનું સ્થાન ટકાવી રાખવા અને આધુનિક જમાનાના યુવાનોનું કે બાળકોનું યોગ્ય ઘડતર કરવાની લાયકાત મેળવવા યોગ્ય શબ્દોમાં માનનીય વ્યાખ્યાન આપ્યુ હતું.

શ્રી નાનાભાઈએ "શાળામાં શિસ્ત" અને "યુવાનોના મહાન પ્રશ્નો" એ વિષયો ઉપર એક ખરા કેળવણીકારના વિચારોને દર્શાવતાં, શિક્ષકોને સાચા કર્તવ્યનું ભાન કરાવતાં અને અનુભવી શિક્ષકજીવન ના નિચોડનો ખ્યાલ આપતાં બે વ્યાખ્યાન આવ્યા હતા.

શ્રી હરજીવન કાળીદાસ મેહતાએ "માબાપ સાથે સહકાર" એ વિષય ઉપર જીવનને ઉચ્ચગામી કરવા શિક્ષણ ક્યારથી અને કેમ શરુ કરવું જોઈએ. એ બાબતમાં શિક્ષક, વિદ્યાર્થીના માબાપ સાથે સહકાર સાધી કેટલો અને કેવો સુંદરફાળો આપી શકે એવું ભાન કરાવતું દેશવિદેશના આંકડા ટાંકી માહિતી પૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું.

શ્રી હરભાઈએ "શિક્ષણમાં માનશાસ્ત્રોનો ઉપયોગ" અને "વિષય ધારણ બાળક" એમ બે વ્યાખ્યાન આપ્યા હતા. રાષ્ટ્રના ઘડતરમાં ફાળો આપ્યો હતો. રાષ્ટ્રના ઘડતરમાં ફાળો આપવો. માનસ શાસ્ત્ર અભ્યાસી બની વિદ્યાર્થીના વિકાસનો ફાળો અવરોધ કાર્ય સિવાય કે ઉત્સાહને દાબી દીધા સિવાય શિક્ષકે પોતાનું કામ કેમ કરવું અને વિકૃત માનસ બાળક સાથે, શિક્ષકે કેવું વર્તવું કે કામ લેવું એ તેમના વ્યાખ્યાનની સારભૂત બાબત હતી.

અમદાવાદ આર.સી હાઇસ્કૂલના હેડમાસ્તર મી.દલાલે "અંગ્રેજી ભાષાનું શિક્ષણ" એ વિષય ઉપર એ બંને " ફોનેટિક્સ" ઉપર ત્રણ એમ પાંચ વ્યાખ્યાન અને અંગ્રેજી ગદ્ય, પદ્ય અને કોમ્પોઝીશન એમ ત્રણ કથિત પાઠ આપ્યાં હતા. અંગ્રેજી ભાષાનું મહત્વ જગતમાં એ ભાષાનું સ્થાન, ભાષા, શિક્ષકે રાખવા જોઇતાં ધૈર્ય અને પૂર્વ તૈયારી અને માતાના ખોળામાં ભાષાનો પરિચય પામતું બાળક શાળામાં કેવું વર્તન માંગે ? ભાષા પ્રથમ અને વ્યાકરણ પછી વિદ્યાર્થી સમક્ષ પુનઃ પુનઃ વાંચન કરે તો શ્રવેન્દ્રિય કેળવાય અને શરૂઆતમાં એજ ભાષા શિક્ષણનું ઉત્તમ સાધન છે એ એમના વીરૂતાપૂર્ણ માનનીય વ્યાખ્યનોનો સાર હતો. તેઓશ્રીએ આપેલા પાઠમાંથી વર્ગવ્યવસ્થા કેમ સચવાય., ગોખણિયા જ્ઞાને બદલે બુદ્ધિવિકાસનું સાચું જ્ઞાન કેમ આપી શકાય, તેમજ શિક્ષકે અખૂટ ધૈર્ય અને બાળક તરફ અગાધ પ્રેમ એ વસ્તુ નિષ્પન્ન થતી હતી.

વસૂલાતી અધિકારી સાહેબ મ.ગજાનનભાઈએ "ટેવ" અને "સ્મુર્તિ" બે વિષયો ઉપર વ્યાખ્યાન આપ્યા હતા. મનુષ્ય એ ટેવનો એક સમૂહ છે, ટેવ ક્યારથી પડે, ખરાબ ટેવ મટાડવા સારી ટેવ પાડવી રસવૃત્તિ જાગૃત થતાં સ્મૃતિ રહે શ્રવણ નિરીક્ષણ અને વાંચન એ સ્મૃતિનાં સાધનો છે. એ એમના વ્યાખ્યાનના મુખ્ય મુદ્દા હતા. તેઓશ્રીના ભાષણમાંથી શિક્ષકોને સારગ્રાહ્ય વસ્તુએ હતી કે શિક્ષક સાદી અને સરળ ભાષામાં રમૂજી દાખલા આપી શીખવાનું કેમ શીખવી શકે છે.

રાજકોટની શ્રી ધર્મેન્દ્રસિંહ કોલેજના પ્રિન્સિપાલ ડો. ટી. એન દવેએ "ભૂમિતિ" ઉપર એક વ્યાખ્યાન અને "દશાંશ" ઉપર બે અને "ભૂમિતિ ઉપર ત્રણ અને એકંદરે પાંચ કથિત પાઠ આપ્યા અને તેમના અને વ્યાખ્યાનનો ટૂંક સાર એ હતો કે સાદી અને સીધી રીતે અંકગણિત અને ભૂમિતિ જેવા અઘરા લાગતા વિષયો કેવા સરળ બનાવી શકાય છે, તથા વિદ્યાર્થીઓને સાધનોથી કેમ રસ લેતો કરી શકાય છે.

જાફરાબાદ હાઇસ્કૂલના હેડ માસ્ટર કે.વી દવેએ "ઇતિહાસ" અને "કેમ્પીંગ" ક્લાસ એ વિષયો ઉપર બે વ્યાખ્યાન આપ્યા હતા. ઇતિહાસ એટલે માનવજીવન ની

સંસ્કૃતિની આરસી, ઐતિહાસિક દ્રષ્ટિએ બનાવોનું અવલોકન અને રજુઆત તેમજ નકશા, ચિત્રો અને સિક્કા વિગેરે સાધનો થી ઇતિહાસ શીખવો ઘટે, સૌંદર્યધામ સમા કોઈ સ્થળે આખી શાળા કે એકાદ બે વર્ગને લઈ જઈ આકાશ નિરીક્ષણ, ઉષાદર્શન, આસપાસના સ્થળોનું ભૌગોલિક મહત્વ અને લોકોના રહેણી કહેણી તેમજ જાણવા જોગ ઇતિહાસ એ બાબતનું જ્ઞાન શાળાના અભ્યાસક્રમના વિષયો સાથે આપી શકાય.

શ્રી સોમાલાલ શાહે ચિત્રકલા ઉપર એકદંરે ત્રણ વ્યાખ્યાન આપ્યા હતા. ચિત્રકલા અને કાવ્ય બંને ભાવદર્શી છે. લોકોની ઉદાસીનતા, ચિત્રકલાને શાળામાં સ્થાન, વિદ્યાર્થીને કેવા ચિત્રો ગમે અને તે સહેલાઈથી  દોરાય, ભિન્ન ભિન્ન ચિત્રકારોનો ફાળો અને તેમના પોતાનાં ચિત્રોનો પરિચય અને તે બાબતમાં તેમણે સારો પ્રકાશ પડયો હતો.

આલ્ફ્રેડ હાઈસ્કૂલના વિજ્ઞાન શિક્ષક "ભૂગોળ" તથા " કેળવણી અને નાગરિકત્વ" એ વિષય ઉપર બે વ્યાખ્યાન તેમજ ભૂગોળ ઉપર એક પાઠ આપ્યો હતો. ભૂગોળ જેવા વિષયને કંટાળો આપ્યા સિવાય કેમ શીખવી શકાય અને સાચા નાગરિકોના ઘડતરમાં શિક્ષક કેટલો ફાળો આપી શકે એ બાબતનો તેમણે અનુભવી શિક્ષકની દ્રષ્ટિએ સાચો અને સારો ખ્યાલ આપ્યો હતો.

આ ઉપરાંત માજીરાજ ગર્લ્સ હાઇસ્કુલના શિક્ષક શ્રી ડી.વી. જાનીએ "અંગ્રેજી વાંચન", શાળામાં ગુજરાતી સ્થાન" એમ બે વ્યાખ્યાન શ્રી રતીકાંત ઓઝાએ ઇતિહાસ ઉપર "નૂરજહાંન" નો એક પાઠ અને  શ્રી લાભશંકર આચાર્ય "પાણી અને તેની સ્વચ્છતા" સબંધે પાઠ આપ્યો હતો.

તા. 11-05-1940 ના રોજ કેળવણી અધિકારી મે. પટેલ સાહેબનું ઉપસંહાર તરીકે છેલ્લું  વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. તેઓ સાહેબે જણાવ્યું હતું કે જૂની ઘરેડને તાજી નૂતન રીતને દ્રષ્ટિમાં રાખી સર્વ શિક્ષક ભાઈઓ કામ કરશે. અને કેળવણીને બાળ કેન્દ્રિત બનાવશે એવી આશા રાખું છું.

શિક્ષક ભાઈઓને નિવૃત્તિનાં સમયમાં પણ યથેચ્છ વ્યવસાય મળી રહે તે માટે ગ્રામોફોન, શિક્ષણને લગતાં પુસ્તકો, માસિકો દૈનિક પત્રો તથા ભૌગોલિક શિક્ષણ ને લગતાં પુસ્તકો, તથા ભૌગોલિક સાધનો કેમ્પ ઓફિસમાં છૂટથી ઉપયોગ કરવા પૂરા પાડવામાં આવ્યા હતા.

છેવટે મે. પટેલ સાહેબનો શિક્ષક પ્રત્યેનો પ્રેમ, તેમને ઉચ્ચકોટિએ પહોંચાડવાનો પ્રયત્ન આ બધી વ્યવસ્થાથી ફલિત થતાં તેઓ સાહેબનો શિક્ષક ભાઈઓ તરફથી આભાર માનવામાં આવ્યો હતો.

રાત્રે 8:30 વાગ્યે કેમ્પમાં આવેલા શિક્ષકોએ કેમ્પ ફાયર રાખેલ તે વખતે મે. દીવાન સાહેબ, મે. નાયબ દીવાન સાહેબ આવી સંભવિત ગૃહસ્થો પધાર્યા હતા. કેમ્પ ફાયરનો કાર્યક્રમ બહુ રસિક અને આનંદ આપે તેવો હતો. એ કાર્યક્રમ જોઈને શ્રોતાઓ એ પોતાની પ્રસન્નતા દર્શાવી હતી.[6]

## 8.8 શિક્ષણ

નેક નામદાર હજુરશ્રી તરફથી જન્મદિવસની ખુશાલીને અંગે નીચે પ્રમાણે ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

અમારા જન્મદિવસ પ્રસંગની ખુશાલીની યાદગીરી દાખલ સંસ્થાન ભાવનગરની પ્રજા વગેરેના સાર્વજનિક લોકોપયોગી વગેરે બાબતોના હૂકમો કરવામાં આવ્યા,

1. શહેર ભાવનગર તથા મહાલોની અંગ્રેજી સ્કૂલો તથા ગુજરાતી નિશાળો અને કન્યાશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને જુદી જુદી જાતની ચોપડીઓ 810 સુમારે કિમંત રૂ. 500 ની ઇનામમાં વહેંચવી અને ભાવનગરમાં "પીલ ગાર્ડન્સ" માં સર્વ છોકરાંઓની રમત ગમતનો મેળાવડો કરવો અને તેઓને મીઠાઇ વહેંચવી.

2. સંસ્થાન ભાવનગર તાબાનાં સર્વ ગામોએ નિશાળમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને સાકર આપવી.

3. શ્રી તખ્તસિંહજી અનાથાઆશ્રમ મધ્યેના ગરીબ, અપંગ, નિરાશ્રિત લોકોને લાપસીનો ખોરાક આપવો. અને તેમને કપડાં આપવા.

4, ગરીબ સ્થિતિની જુદી જુદી કામોની વિધવા ને, તેઓના સુધી, નિર્વાહને માટે પેન્શનની રકમો આપવી.

5. ઊંચી કેળવણીના ઉત્તેજન તરીકે જુદા જુદા અભ્યાસના ઉતેજન માટે સ્કોલરશીપ આપવાનો હૂકમ કરવામાં આવ્યો છે.

| સ્થળ | દરેક સ્કોલરશીપ આપવાની રકમ | સ્કોલરશીપની સંખ્યા | કુલ આપવાની રકમ |
|---|---|---|---|
| એન્જિનિયરીંગ કોલેજ, કરાંચી | 20 | 2 | 40 |
| કોમર્સ કોલેજ, અમદાવાદ | 20 | 3 | 60 |
| સાયન્સકોર્સ, બી.એસ.સી, મુંબઈ | 20 | 2 | 40 |
| સાયન્સ કોર્સ બી.એસ.સી, વડોદરા | 20 | 2 | 40 |
| ગ્રાંડ મેડિકલ કોલેજ, મુંબઈ | 30 | 3 | 90 |
| નેશનલ મેડિકલ કોલેજ, મુંબઈ | 15 | 1 | 15 |
| મેડિકલ સ્કુલ અમદાવાદ | 15 | 1 | 15 |
| સંસ્કૃત કોલેજ બનારસ | 15 | 1 | 15 |
| આયુર્વેદિક કોલેજ, પાટણ | 15 | 2 | 30 |
| આર.સી.ટેક્નિકલ અમદાવાદ | 15 | 3 | 45 |
| કલાભવન બરોડા | 15 | 3 | 45 |
| રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, મુંબઈ | 30 | 1 | 30 |
| ઇસ્માઇલ કોલજ, અંધેરી | 30 | 1 | 30 |

કોઠા ક્રમાંક 8 : વિદ્યાર્થીઓને અપાતી સ્કોલરશીપ

સવંત 1996 ના જેઠ શુદ 3 શનિવાર, તા. 8 માંહે જૂન સને 1940.[7]

## 8.9 ગર્લ્સ ગાઈડનું શિક્ષણ

1933 ની સાલથી માજીરાજ ગર્લ્સ હાઇસ્કૂલની વિદ્યાર્થીઓ "ગર્લ્સ ગાઈડ" ના સિદ્ધાંતોને અનુસરીને ઉપયોગી થવા હમેંશા તત્પર રહેતી આવી છે. 1936 માં આ હાઇસ્કૂલ ની લગભગ 120 વિદ્યાર્થિનીઓ જુનિયર "રેડક્રોસ" માં જોડાયેલી છે, અત્યારે પણ તે સંખ્યા વધતી જાય છે. ચાલુ સાલમાં જૂલાઈ મહિનાની 10 મી તારીખથી મે. દીવાન સાહેબની ઈચ્છાથી આ હાઇસ્કૂલની લગભગ 30 વિદ્યાર્થિનીઓને ગર્લ્સ ગાઈડનું પદ્ધતિસર શિક્ષણ આપવાનું શરુ કર્યું છે કે જેથી કરીંને તેઓ રાજયને, કુટુંબને, અને દેશને ઉપયોગી થઈ શકે. આ કાર્ય માટે આલ્ફ્રેડ હાઇસ્કૂલ વિજ્ઞાન શિક્ષક શ્રી બૂચ દરરોજ સાંજે પ્રેકટીસ આપવા આવે છે અને વિદ્યાર્થિનીઓ તેમાં રસ પૂર્વક ભાગ લે છે. તેઓનો મુદ્રાલેખ "વફાદારી અને સેવા" છે. અને આથી તેઓ ઘરમાં તથા સમાજના ચાલાક અને પારકાને મદદ કરવા તત્પર બને છે.

તે ઉપરાંત આ શાળાની વિદ્યાર્થીઓ ને "ફર્સ્ટ એઇડ" નું શિક્ષણ મળે તે ઉદ્દેશથી વૈદિક ખાતાના મહેરબાન ઉ. આ . સા ને વિનંતી કરતા તેમને ડો. મિસ ડિસોઝા દર શનિવારે સાંજે 4 થી 5 વાગતાં સુધી તેનું શિક્ષણ આપવાં આવશે એવો પ્રબંધ કરેલો છે. અને તે પ્રમાણે તા.13 મી શનિવારથી મેટ્રિકની વિદ્યાર્થિનીઓ માટે આ વર્ગ  શરુ કરેલ છે, તેઓ તેમને 24 લેક્ચર્સ આપશે અને પ્રેકટીકલ માટે આવનાર વૈ.ખા.ના  મે.ઉ.આ સાહેબે પણ લેક્ચર્સ આપવાની પોતાની ખૂશી જાહેર કરી છે. આ જાતનું વધુ શિક્ષણ મળે તેવી વિદ્યાર્થીઓની ઈચ્છા છે. પણ મેટ્રિકના અભ્યાસક્રમને લક્ષમાં લેતાં વિદ્યાર્થિનીઓની ઈચ્છા અત્યારે તે બાબતોનું થોડું ઘણું જ્ઞાન મળે છે તે પણ ઈચ્છવા જોગ છે. આવા શિક્ષણ થી વિદ્યાર્થિનીઓ પોતાનાં શરીર માટે કાળજી રાખશે તે ઉપરાંત ઘરનાં, કુટુંબનાં અને પાડોશીઓનાં શરીર સ્વાસ્થ્ય માટે ઉપયોગી થશે.

ગર્લ્સ ગાઈડની કંપની પણ સ્ટડીને સારો પ્રોગ્રેસ કરી રહી છે. [8]

## 8.10 વર્તમાન પત્રની પ્રવૃત્તિનો આદર્શ

એક વર્તમાનપત્રને એના ખબર પત્રીએ થોડા દિવસ પહેલા સમાચાર મોકલ્યા હતા.

દીવાન શ્રી પટ્ટણીની તબિયત સુધારા પર હતી.પરંતુ ગઈકાલે સાંજે ફરીથી ઉથલો ખાતા તેઓ પથારીવશ થાય છે શ્વાસ અને ધમની સાથે ન્યુમોનિયાની અસર પણ

હતી. તેમની કાળજીભરી રીતે સારવાર થઈ રહી છે. દરબારશ્રીએ પણ પોતાનો બહારગામ જવાનો પ્રોગ્રામ બંધ રાખ્યો છે.

છેલ્લા સમાચાર મળે છે તે મુજબ દીવાનશ્રી પટ્ટણીની તબિયત ગંભીર બનતી જાય છે. તેમને બલ્ડપ્રેશર હોય તેને અંગે મુંબઈના જાણીતા ડો.મી.ભરૂચાને અહીં બોલાવવા માટે તાર કરવામાં આવેલ છે. આજે એરોપ્લેન  મારફત આવી પહોંચવાની સંભાવના છે .બધી જ મુલાકાતો બંધ કરવામાં આવી છે. નગરશેઠ અને બીજા વેપારીઓ તેમની તબિયત જોઈ આવ્યા છે. દીવાનશ્રીનાં બંગલાની બંને બાજુએ પોલીસનો જાપ્તો રાખવામાં આવ્યો છે.

અમને ખબર મળ્યા છે કે આ ખબર ઉપરથી દીવાન સાહેબની તબિયતનાં ખબર પૂછવાના ઘણાં તાર તેમજ પત્રો એમના ઉપર આવેલા. એ વાત ખરી છે કે તેઓને તાવ અને ઉધરસ જેવું થઈ ગયેલું અને તાવ ઉતરી ગયા પછી થોડા વખત આરામ લેવાને બદલે કામ કરવાનું જરા વહેલું શરુ કરી દીધું, તેથી એક દિવસ એમને પાછો સહજ તાવ આવી ગયેલો પરંતુ બ્લડ પ્રેશર છે, ન્યુમોનિયાની અસર હતી.

દીવાન સાહેબની તબિયત જેવી સામાન્ય બાબત વિષેના ખબરને અગત્ય સ્થાપવાના હેતુથી નહીં પણ એ પ્રસંગને નિમિત્ત કરીને અમને કેટલાક પ્રસ્તુત વિચારો દર્શાવવાનું યોગ્ય લાગે છે. અને તે આવા વજૂદ વગરના સમાચાર ઉપરથી એક મહત્વનો પ્રશ્ન ઉભો થાય છે. જે ભાવનગરની જનતાને ખાસ લક્ષમાં લેવા યોગ્ય છે એમ અમને લાગે છે.

વર્તમાનપત્રની પ્રવૃત્તિએ એક પ્રકારની વ્યાપારી પ્રવૃત્તિ છે. એટલે કાપડ વગેરેના વેપારની જેમ એ પ્રવૃત્તિનો બધો આધાર તેના વેચાણપર છે.ખબરપત્રીઓ તે માટે પણ વર્તમાનપત્રોમાં લખવું એ, એક એમના નિર્વાહનો માર્ગ છે.આ પ્રવૃત્તિ નો સાચો આદર્શ  તો એ છે કે સત્ય હકીકત પ્રસિદ્ધ કરી લોકોને કેળવવા પ્રસિદ્ધ થતાં સમાચારની અસર લોકો ઉપર કેવી થઈ શકે છે તે સૌકોઈ જાણે છે. એટલે એ સબંધી અમે વિશેષ લખતા નથી.

ભાવનગરમાં કોઈ પણ બાબત વિશે ખરા ખબર જોતા હોય તો અધિકારી વર્ગ પાસેથી સહેલાઈથી મેળવી શકાય. છતાં પણ આ ખબર પત્રીએ સાચી હકીકત મેળવવાને પ્રયત્ન કર્યા વગર લખાણ કર્યું અને તેની ઉપરોક્ત પરિસ્થિતિ ઊભી થયેલી. એટલે મહત્વનો અને સમજવા યોગ્ય પ્રશ્ન તો એ છે કે, વર્તમાનપત્રો દ્વારા જેમ લાભ

કરી શકાય છે. તેમ હાનિ પણ થાય છે. ખરી હકીકત જાહેર કરવાથી લોકોની મહાન સેવા થાય છે. જયારે બીજી તરફથી ખોટી હકીકત જાહેર કરવાથી લોકોની કશી સેવા તો થતી જ નથી. પરંતુ તેઓ આડે માર્ગે દોરવાય છે.

સામાન્ય રીતે અફવાઓ, જેટલી પ્રજાને માટે હાનિકારક છે, તેટલી જ હાનિ જાહેર પ્રશ્નોને, એ પ્રશ્નોને ઉત્તર આપી તેને વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવાથી પણ થાય છે. ડોક્ટરો જાણે છે કે નકામી અને કેટલીક વખત સાવ હાનિ કરનારી દવાઓમાંથી પણ તેને બનાવનારા તેની જાહેર ખબરો છાપનાર પત્રો કમાય છે. તે તમામ ખોટા સમાચારોને આભારી છે. પણ આ મુશ્કેલી માત્ર આપણા દેશમાંજ નથી યુરોપ અને અમેરિકામાં પણ એજ સ્થિતિ છે.

જનતામાં ઘણાં માણસો પોતાના રોજના કામમાં ગૂંથાયેલા હોય છે. તેઓને કેટલાંક નવરાં માણસોની જેમ તર્ક, વિતર્ક કરવાની કે તેમને મળેલા સમાચાર સાચા છે કે ખોટા તેની તપાસ કરી ખાત્રી કરવાનો વખત હોતો નથી. પોતાના કામમાં સતત રીતે ગૂંથાયેલા આ માણસો, જેમની રોજની મહેનતના પરસેવા ઉપર સમાજનો આધાર છે, તેમને અભ્યાસ સહિત બિન અનુભવી અને રાજકીય તથા સામાજિક પ્રશ્નો પરત્વે, અર્ધજ્ઞાન ધરાવનારાઓ ભોળવી ન શકે એવો ઉચ્ચ આદર્શ વર્તમાનપત્રો અને તેના લખનારાઓનો હોવો જોઈએ,અને તે આદર્શને સત્ય શોધવાની નિષ્ઠા તેમજ અભ્યાસક પ્રવૃત્તિ સિવાય પહોંચી શકાય નહીં.એમ અમે માનીએ છીએ. નાની નાની બાબતોમાં સાચી હકીકત મેળવવાના પ્રયોગ કરવાથી મોટી બાબતોમાં પણ સત્યને માટે આગ્રહ બંધાઈ જાય છે.

અમે આશા રાખીએ છીએ કે ભાવનગરની પ્રજા પોતાને લગતી બાબતો તે અંગે ખરી હકીકત જાણવાનેજ પ્રેરાશે. અને અમે પહેલા કહ્યું તેમ રાજ્યને કોઈ અધિકારીને લગતી બાબત પરત્વે લગતાં ખાતાંમાં તપાસ કરી પોતાને મળી શકતી માહિતી મેળવી લેશે. વળી જો દીવાન સાહેબની તબિયતનાં આવા ખોટા ખબર આપવાથી તેમના બધા સ્નેહીઓને ચિંતા થઇતી પછી ભાવનગર કોઈ જાહેર પ્રશ્નોને અંગે ખોટા સમાચાર પ્રસિદ્ધ કરાવાય તો રાજયને તેમજ લોકોને વિશે બહાર ખોટા અભિપ્રાયો બંધાય, એને કેટલો અન્યાય થાય તે વાંચનારાઓને સમજી શકાશે.[૭]

## 8.11 સ્થાનિક

### 8.11.1 હિલ શીલ્ડ ટુર્નામેન્ટ

તા. 10-08-1940 તથા તા. 11-08-1940 નાં રોજ જૂનાગઢ મુકામે આલ્ફ્રેડ હાઇસ્કૂલ અને જૂનાગઢની મહોબત પઢેસા હાઇસ્કૂલ વચ્ચે હિલ શીલ્ડ ટુર્નામેન્ટ પહેલા રાઉન્ડની મેચના પરિણામમાં પહેલી ઇનિગ્સમાં આલ્ફ્રેડ હાઇસ્કુલનાં 114 અને જૂનાગઢનાં 84 રન થયા હતા. બીજી ઇનિગ્સમાં આલ્ફ્રેડનાં 102 અને જૂનાગઢ હાઇસ્કુલનાં 64 રન થયા હતા. આ રીતે આલ્ફ્રેડ હાઈસ્કૂલે 68 રને જીત મેળવી હતી.

હિલ શીલ્ડ ટુર્નામેન્ટનાં બીજા રાઉન્ડમાં પોરબંદરની સર ભાવસિંહજી હાઇસ્કૂલ અને ભાવનગરની એલ્ફ્રેડ હાઇસ્કૂલ વચ્ચે તા. 29 તથા 30 ઓગષ્ટ 1940 નાં રોજ ભાવનગર મુકામે મેચ રમવામાં આવી હતી. પહેલી ઇનિગ્સમાં ભાવનગરનાં 295 અને પોરબંદરના 50 રન થયા હતા. ભાવનગર હાઇસ્કૂલ ના બીજી ઇનિગ્સમાં 122 રન થયા હતા. આ રીતે આલ્ફ્રેડ હાઇસ્કૂલની 1 ઇનિગ્સ અને 123 રને જીત થઈ. મેચમાં આલ્ફ્રેડ હાઇસ્કૂલ તરફથી કેપ્ટન શશીકાંત ચૌહાણ, રશ્મિકાન્ત ચૌહાણ , કુંજવિહારી મહેતા એ અનુક્રમે 123, 42 રન નો ફાળો આપ્યો હતો.

### 8.11.2 ગોહિલવાડમાં ક્રિકેટ ક્લબ

તા. 31 મી ઓગષ્ટ અને તા.1 લી સપ્ટેમ્બર ગોહિલવાડ પ્રાંત ક્લબ અને ઝાલાવાડ પ્રાંત ક્લબ વચ્ચે 11 વાગ્યાથી મેચ રમાનાર છે.

## 8.12. બળેવની સવારી અને દરબાર

તા. 18-08-1940 ને રોજ બળેવ પ્રસંગે નેક.ના.મહારાજા સાહેબ છડી સવારી એ સમુદ્ર પૂંજન કરવા સાંજના 5-15 વાગતાં બંદર ઉપર પધાર્યા હતા અને સમૃદ્ધ પૂજન કર્યા પછી 5-45 બળેવની કચેરીમાં મોતીબાગ દરબાર હોલમાં પધાર્યા હતા. દરબારમાં શહેરનો પ્રતિષ્ઠિત વેપારીવર્ગ, રાજયનો અધિકારી વર્ગ અને મહેમાનની હાજરી હતી. રાજકીય હરદાનભાઈ તરફથી આ પ્રસંગને અંગે કાવ્યોપહાર અને રાજગાયકો તરફથી સંગીત થયું હતું. બાદ સાકરના પડા અને પાનબીડાં અપાયા પછી કચેરી વિસર્જન થઈ હતી. મેઘરાજાએ પણ આ વખતે કૃપા કરી હતી.

**બળેવના દરબાર પ્રસંગે   કવિતા :-**

પૂર્વજન્મ યોગ અભ્યાસી તપેશ્વરી આપ, સદકીર્તિ હે અમાય સારે સંસારમેં ;
ઉંમર યુવાન નકલંક ભવનગ્રા નાથ ,
કે સી એસ આઈ શ્રેષ્ઠ માં સરકારમેં;
ભાવ અધિકારી પ્રજા ઈનકા અપાર ભાવ,
દિલ દરિયાઈ સદા સુજ્ઞ સત્કારમે;
કહે હારધન કુશ્ન વૈભવ પરિપૂર્ણ પાયા,
નાયા અભિમાન મહારાજ અવતારમે ;
ઈચ્છા અનુસાર મેઘ વૃષ્ટિ પ્રભુ દયા દૃષ્ટિ,
સૃષ્ટિએ સુખી વસ્તી ભવનગ્રા રાજયમે ;
કરત મહારાજ નિત્ય કાજ પરમારથકા,
ચાહ ઈનસેહી બઢી સકલ સમાજમે;
રાજય ભક્ત પટ્ટણી પ્રધાનકા પવિત્ર પ્રેમ,
નીતિ ન્યાય સુખદ સુધારા રિવાજમે;
કહે હરદાન નિત્ય સભા ઠાઠ ચઢતા રહે,
તેજ રહે બઢતા નૃપ કુશ્ન સિરતાજમે

**રાજકવિ હરદાનભાઈ**

## 8.13 સિવિકગાર્ડની ફરજો સબંધી

તા.19-08-1940 સોમવારે રાત્રે 8 વાગ્યા પછી સિવિક ગાર્ડસ પોતાની ડ્યુટી ઉપરથી ઉતાર્યા બાદ તે સર્વને મે.દીવાન સાહેબે પોતાને બંગલે ચા, દૂધ લેવા માટે આમંત્રણ આપ્યું હતું. આ વખતે ટ્રાફિક પ્રસંગે સિવિક ગાર્ડ્સની ફરજો સબંધી, ફર્સ્ટ એઇડ સબંધી, હરામખોર અને બદમાશ માણસોથી લોકોને રક્ષણ આપવાં સબંધી તે સર્વને સાથે મે.દીવાન સાહેબે ચર્ચા અને વિચારોની આપ-લે કરી હતી એમણે કહ્યું હતું કે "તમે બધા ગાર્ડ છો અને તમને જોઈને સામાન્ય લોકોને એમ થાય કે તમે એમનું રક્ષણ કરશો. અને જે બદમાશ હોય, તેને અમે થાય કે તમે એમને ભયરૂપ છો અને તેને પકડશો એવી તમારી છાપ પડવી જોઈએ." ત્યારબાદ થાપનાથ મહાદેવે બધા સ્ત્રી પુરુષોને ધકાધકી વગર શાંતિથી મહાદેવનાં દર્શન કરી શકે એવી ગોઠવણ કરવા પણ તેઓ સાહેબે બધા ગાર્ડને સૂચના આપી હતી.

અહીંના વતની અને કચ્છ રાજયના હાલના રેવન્યુ કમિશ્નર મી. હીરાલાલ હ.પંડયા હાલમાં અત્રે પધાર્યા છે.તેઓશ્રીએ મે. દીવાન સાહેબની મુલાકાત લીધી હતી.[10]

## 8.14 ચાલુ સાલનો શ્રી મોટા ગોપનાથ મહાદેવનો ભાદરવીનો મેળો

આ રાજયના તળાજા મહાલમાં શ્રી મોટા ગોપનાથ મહાદેવની પ્રસિદ્ધ જગ્યા છે., જ્યાં સમુદ્ર કિનારેજ ગોપનાથ મહાદેવનું પુરાતની મંદિર હોઈ તેનું મહાત્મય વધારે છે. તેથી દરસાલ શ્રાવણ વદ 14 તથા 30 ના દિને દૂર અને નજીકનાં ગામડાના માણસો સમુદ્રમાં સ્નાન કરી મહાદેવનાં દર્શન કરવા તેમજ પોતાના ગુજરી ગયેલા કુટુંબીજનોને દીધેલ અગ્નિસંસ્કારના અવશેષરૂપી ફૂલ સમુદ્રમાં પધરાવવા માટે આવે છે. આ રીતે ચારથી પાંચ હજાર માણસો એકત્ર થાય છે.

આ મેળામાં આવનાર માણસોને મેળામાંથી વેચાતી લેવાની ખાવા પીવાની વસ્તુઓ સારી મળે, ધાર્મિક ભાવના ખીલે , જ્ઞાન સાથે નિર્દોષ આનંદ મળે, જમાનાને અનુસરતા બોધપાઠ મળે એ હેતુથી છેલ્લા ત્રણ વર્ષથી આપણા સમાજસેવક શ્રી વેણુશંકર ગો.ભટ્ટ , ઝાંઝમેરના શ્રી માધવજી ભટ્ટ તથા માસ્તરશ્રી હરગોવિંદ ભટ્ટ અને ઊંચડી તપ્પાના બીજા કાર્યકરો રવિશંકર તથા ચતુરલાલ ઊંચડીવાળા વગેરેને સાથે રાખી સારો પ્રયત્ન કરે છે.

આ વર્ષે સારા વરસાદને લીધે મોલાત સારી હોવાથી અને મેળાના દિવસોમાં વરસાદ નહીં હોવાથી સારી સંખ્યામાં એટલે કે પાંચેક હજારને આશરે માણસો એકત્ર થયા હતા; આ વર્ષ ઝાંઝમેર ગ્રામ પંચાયત સંમેલનમાં ઠરાવ કર્યા મુજબ દરેક સાલે મદદ આવે છે તેમ મેળાની સુધારણામાં રાજ્યે સારી મદદ કરતાં પોલીસ ખાતાનાં મે. ઇન્સ્પેક્ટર સાહેબ શ્રી શિવલાલભાઈએ મહાલના મે. ફોજદાર સાહેબને સાથે રાખી ઘણો સારો બંદોબસ્ત રાખ્યો હતો. મેળામાં દિવસે અને રાત્રે પોતે જાતે સતત હાજરી આપતાં હતા. તેમજ મહાલના મે. વહીવટદાર સાહેબ તથા ઊંચડી તાપ્પાના મે. થાણદાર સાહેબે પણ સારી મદદ કરી હતી. વિભાગમાં મે.આસી. વસૂલાતી અધિકારી આ મેળામાં પધારવાના હતા, પરંતુ તુરંતમાં આચાનક તેઓની તબિયત લથડતા આવી શકયા ન હોતા. મેળાની સુધારણામાં ના. દરબારશ્રીએ આ રીતે મદદ આપી હતી.

મેળામાં આવનાર માણસોને જ્ઞાન સાથે નિદોર્ષ આનંદ મળે એ હેતુથી મહેરબાન વસૂલાતી અધિકારી સાહેબે ખેતીવાડી ખાતાના ડેમેનસ્ટ્રેટરને ખેતીની, આરોગ્યની, સારી

ઓલાદનાં જાનવરોની, અને રામાયણની તેમજ બીજી મેજીક લેન્ટર્ન સ્લાઈડો બતાવવા મોકલતાં રાતના એ સ્લાઈડો બતાવામાં આવી હતી.

ગોપનાથજી જગ્યાના પૂ. બ્રહ્મચારીજી તથા પૂ. મહંતશ્રી એ મેળાની સુધારણામાં બનતી સગવડ આપી હતી.

આ સાલમાં મેળામાં ખાસ ધ્યાન ખેંચનારી બાબત તે સિવિકગાર્ડની હતી. આપણા મે. મુખ્ય દીવાન સાહેબે કૃપા કરીને ભાવનગરથી સિવિક ગાર્ડના ચાલીસ ભાઈઓને આ મેળામાં મોકલ્યા હતા. તેઓએ સિવિક ગાર્ડનું સુંદર કામ બતાવ્યું હતું. અને તદ્દઉપરાંત એ ભાઈઓએ રાત, દિવસ ઊભા પગે રહી મેળામાં આવેલા ભાઈઓ અને બહેનોનું રક્ષણ કર્યું હતું અને એ પ્રમાણે સિવિક ગાર્ડનો શુભ હેતુ જનતાને સિદ્ધ કરી બતાવ્યો હતો

દર વર્ષની માફક આ વર્ષે પણ ઝાંઝમેરની શાળાના વિદ્યાર્થીઓએ, પ્રાર્થના તથા દાંડિયારાસના પ્રોગ્રામ બતાવ્યા હતા. અને એજ ગામના બીજા ભાઈઓએ પીવા પાણી વગેરેની સેવા કરી હતી.

તળાજાના કાર્યકર અને ત્યાંની વ્યાયામ શાળાના પ્રમુખ શ્રી ભાનુશંકર વૈદરાજ તથા તાલુકાના શાળાના શિક્ષક શ્રી લઘુભાઈ મેળાની સુધારણાના કાર્યમાં મદદ કરવા અને વ્યાયામશાળાના વિદ્યાર્થી ઓ ના લાઠી અને અંગ કસરતના પ્રોગ્રામો બતાવવા એ વિદ્યાર્થીઓને લઈ આવ્યા હતા જેણે સારા પ્રોગ્રામો બતાવ્યા હતા.

આ મેળામાં મનોરંજક કાર્યક્રમ તરીકે ખાસ કરીને ગરબી અને દાંડિયારાસ મુખ્ય હોય છે. તેમાં આ સાલ વિક્ટર મહાલના વિસળીયા ગામના ચાલીસેક જેટલા જુવાન કોળી ભાઈઓની રાસમંડળીઓ જે દાંડિયા રાસના જુદા જુદા પ્રોગ્રામો બતાવ્યા તે અનોખી જ ભાત પાડતા હતા.આથી જનતાને બહુજ આનંદ થયો હતો.

આ મેળામાં ખોરાકની અને દેશી અને વિદેશી રમકડાંની દુકાનો હતી. પરંતુ ગૃહ ઉપયોગી હાથ કારીગરીની ખાદી અને સ્વદેશી કાપડની દુકાનો તેમજ તાંબા પિત્તળના વાસણોની દુકાનો આવે એ ઈચ્છવા જેવું છે.

મેળામાં શ્રી વેણીશંકરભાઈ.ગો. ભટ્ટે માનવીય ભાષણ આપ્યું હતું. જેમાં પોતે ખાસ કરીને સિવિકગાર્ડનો હેતુ સમજાવી ગામોગામ સેવાદળો ઊભા કરવા જનતાને બોધ આપ્યો હતો. તેમજ મેળાની સુધારણા બાબત તેમજ મેળામાં આવી, નીતિ અને ધર્મ

ભાવના ખીલવવી, માનવતા મેળવવી અને નિર્દોષ આનંદ કરવો વગેરે બાબતમાં પોતાની લાક્ષણિક શૈલીથી સારું વ્યાખ્યાન આપ્યું હતું અને પોતે કામ કરનારા ભાઈઓને સાથે રાખી આખી રાત્રિને દિવસ મેળામાં હાજરી આપી હતી.

આ મેળામાં આ વખતે ધ્યાન ખેંચનારી બીજી વસ્તુ એ છે કે, આવતી સાલના મેળામાં ઊંચડી તપ્પા તરફથી તળાજા, મહુવા અને વિક્ટર મહાલના ભાઈઓ પૈકી જેના દાંડિયારાસ અને ગરબી કમિટીમાં સારા ગણાશે તેને ચાંદિની એક " મહારાજા સાહેબશ્રી કૃષ્ણકુમારસિંહજી શિલ્ડ "(ઢાલ) ઇનામ તરીકે આપવામાં આવશે. આ પ્રમાણેની જાહેરાત શ્રી વેણીશંકરભાઈ. ગો. ભટ્ટે કરી છે. તો આથી ગરબી ને દાંડિયારાસની સારી હરીફાઈ થશે અને તેની આ કળા વધુ સારી રીતે ખીલવાની સુંદર તક પ્રાપ્ત થશે, તો દરેક ગામના દાંડિયારાસ ને ગરબી લેનારા ભાઈઓ આ બાબત ધ્યાનમાં રાખી ઇનામ જીતી જવા તૈયારી કરશે એવી આશા રાખવામાં આવે છે.

મેળાની સુધારણાની હજુ શરુઆત છે. સુધારણા માટે હજુ ઘણો અવકાશ છે, તો ગોપનાથજીની જગ્યાના પૂ.બ્રહ્મચારીજી તથા પૂ.મહંતશ્રી કે જેને જનતા શ્રી ગોપનાથ મહાદેવના પ્રતિનિધિ તરીકે માને છે, તેઓ જનતાની સેવા માટે સમાજ સેવકોને સાથે રાખી આ મેળાને એક આદર્શમેળો બનાવે એવી નમ્ર વિનંતી છે. આવા શુભકાર્યમાં રાજયની પુરેપુરી મદદ તો છે જ એ કહેવાની જરૂર નથી. [11]

## 8.15 બાળ જમણ:-

ભાવનગર સંસ્થાનની પ્રજાને કેળવણીમાં સારો રસ છે અને તેની પ્રતીતિરૂપે અનેક ધનિક ભાઈઓ તરફથી શિક્ષણ સંસ્થાઓને નાનીમોટી ભેટો સતત મળ્યા જ કરે છે. શિક્ષણ સંસ્થાનના એવા કેટલાક મકાનો છે કે જે ધનવાન ગૃહસ્થો તરફથી બંધાવી આપવામાં આવેલા છે. ઉપરાંત પોત પોતાના ગામના સરસ્વતી મંદિરોને અન્ય ધર્મમંદિરોની પેઠે જ ગ્રામજનો તરફથી વખતો વખત નાના મોટા દાન મળ્યા જ કરે છે.

થોડા વખત પેહલા અહીંના એક સુખી ગૃહસ્થે અહીંની નં-4 શાળાને જમણ આપ્યું હતું. ગામડામાં તો આવા જમણો અવાર નવાર થયા જ  કરે છે ,પણ તળ ભાવનગરને માટે આ પહેલો દાખલો છે. અમે આ દિશામાં સખાવત કરનાર એ ગૃહસ્થને ધન્યવાદ આપીએ છીએ.

ભાવનગર શહેર ની નં-4 શાળાના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ જમણ.

જમણનો પ્રબંધ બહુ જ સુંદર અને વ્યવસ્થિત હતો તેમાં કેળવણીખાતાના અધિકારીઓએ તથા ઘણા શિક્ષકોએ હાજરી આપી હતી તેની મહત્તા ખૂબ વધારી હતી. આ જમણની આખી યોજનાને પાર ઉતારવામાં નં.4 થાના શિક્ષક જેભાઈ ગણપતરામે ઘણો મોટો ફાળો આપ્યો હતો.[12]

'ભાવનગર સમાચાર' અને સાંસ્કૃતિક વિકાસ બૂક નો- 2

## 8.16 નવલખો

સિધ્ધરાજે જૂનાગઢ સર કાર્ય પછી વિજય કૂચ પ્રસંગે જૂનાગઢથી વઢવાણનાં રસ્તે ભોગવોને કાંઠે બંધાયેલ અને ગોહિલ વંશનાં સ્થાપક ઠાકોર શ્રી સેજકજી ગોહિલે વસાવેલ સેજકપુર નામનાં ગામની પશ્ચિમે ગામને ગોંદરે ભૂતકાળને યાદ કરતા અવશેષો સાંભળીને મૂક રૂદન કરતો નવલખો ઊભો છે. નાની મોટી થઈને નવલાખ પુતળિયોને તેમાં સમાવેશ કરેલો હોઈ, નામ નવલખો પડ્યું. સ્થાપત્ય કાલા નો એક ઉત્તમ નમૂના રૂપ એ નવલખો છે. તેની કલામાં તેના સર્જકો એ યુદ્ધકળા, પશુ- પંખી, ફૂલવેલ, અને કાયશાસ્ત્રને લગતા નમૂના દિલ ઠાલવીને એવા તો સરસ ઉતાર્યા છે કે જોનાર મુગ્ધ થયા સિવાય ન રહે. 11 ફૂટ ઊંચાઈના અને 4 ફૂટ ઘેરાવાવાળા કળાથી ભરપૂર તેમાં 50 થાંભલા છે. આકારમાં તે શિવાલયોનો નમૂનો છે. "નામ તેરા નારા " એ પ્રમાણે નવલખો સર્જાયા પછી, કાળનાં પ્રવાહથી અને પરદેશી આક્રમણને લીધે તે ખંડિત થયેલ છે. અને એમ કહેવાય છે કે એક જ રાતમાં નવ લાખ પુતળિઓ ખંડિત કરવામાં આવેલ છે. આ કથન ઉપર કેટલો વિશ્વાસ મૂકી શકાય એ જો કે કહી શકાય એમ નથી. પરંતુ અત્યારે પુતળિઓના માળખામાં એક પણ પૂતળી ખંડિત થયા સિવાય ની નથી. કળાનો ખજાનો આમ વેડફાઈ ને કદરૂપો બન્યો. એ કળાની આ દશા જોતા જોનાર માનવીનું હૃદય હચમચી તો જરૂર ઉઠે છે. શિખર તદ્દન તૂટી ગયું છે. સેજકપૂર અત્યારે નાનું ગામડું છે. અને તે બોટાદ- જસદણ રેલવે પર આવેલ પાળિયાદ થી 22 માઈલ અને સાયલા થી 6 માઈલ દૂર છે. " નવલખો" જોવા જેવો તો જરૂર છે.

## 8.17 ભાવનગર રાજયની પ્રજામાં અક્ષરજ્ઞાન વધારવાની યોજના

દરેક દેશની પ્રગતિનો આંક પોતાની પ્રજામાં અક્ષરજ્ઞાન વાળા લોકસમૂહની સંખ્યા પરથી મૂકવામાં આવે છે .જગતનાં તમામ પ્રગતિમાન રાજયોમાં સાક્ષરતા ઘણી જ ઊંચી છે. 1914 નાં સમયમાં ત્યાંની પ્રજાની સાક્ષરતા આપણા હિન્દની માફક માત્ર 19 % હતી.1918 માં ત્યાંની પ્રજાતંત્રએ બે પંચવર્ષીય યોજનાઓમાં માત્ર 10 વર્ષમાં જ એ

19% માં અંક ઉલટાવી સાક્ષરતા 91% પર મૂકી આખા હિંદમાં સૌથી વધુ સાક્ષરતા જ્ઞાનવાળી પ્રજા ધરાવતું રાજય ત્રાવણકોરનું છે. જ્યાં સાક્ષરતા આજે 30 % છે. વડોદરા રાજય 23% સાક્ષરતા ધરાવે છે. આપણા ભાવનગરની સાક્ષરતા 17.3 છે. જયારે જાપાન તથા યુરોપ અમેરિકાના વિવિધ દેશોની સાક્ષરતા 75% થી 95% સુધી છે.

ભાવનગર રાજયમાં લોકોમાં અક્ષરજ્ઞાન કેમ વધે છે તે વિષય પર મેં છેલ્લા છ એક માસથી સતત વિચાર કરી બધી બાજુની પરિસ્થિતિ તપાસી આ નીચેની યોજના ઘડી છે જેની એકેક પ્રત આપણા દેશનાં (ખાસ કરીને ગુજરાત કાઠિયાવાડનો ) કેળવણીમાં રસ ધરાવનાર વિદ્વરત્નો પર તેમના અભિપ્રાયો પૂછાવ્યા . સૌ એ આ યોજના ની મુકત કંઠે પ્રશંસા કરી તેને સુંદર વ્યવહારુ લોકપરોપકારક ગણી છે. સૌથી આશ્ચર્યજનક તો એ છે કે જે વખતે હું અહીં ( હિંદના પશ્ચિમ છેડા પર) ભાવનગરમાં આ વિશે છ માસથી સતત વિચાર કરી રહ્યો હતો. બરાબર એજ વેળા હિંદના પૂર્વ છેડા નજીક આવેલ મયૂરભંજ રાજય પણ આજ પ્રકારની યોજના ઘડી રહ્યું હતું. આ વિશે હું અગાઉ કશું જ જાણતો નહોતો. જયારે ચાલુ સપ્ટેમ્બર માસનું મોર્ડન રીવ્યુ મારા હાથમાં આવ્યું ત્યારે તેના તંત્રી નોંધમાં આ યોજનાની ટૂંકી હકીકત વાંચી મેં સાનંદ આશ્ચર્ય અનુભવ્યું છે કે પ્રબળ વિચારનાં મોજા પણ રેડિયોના વિદ્યુત મોજાની માફક જગત પર વ્યાપક બને છે. માત્ર તે મોજા પકડનાર સાથની જરૂર હોય છે. મયૂરભંજ રાજ્યે તો આ યોજનાનો અમલ કરી, સૌથી વિશેષ પ્રગતિમાન રાજય તરીકે જ્વલંત નામ કરશે.. કેમ કે આપણે ત્યાં ઉદાર દિલના નામદાર મહારાજા સાહેબ, શિસ્ત પ્રેમી સહૃદયી મેં. દીવાન સાહેબ, પ્રજા વત્સલ અમલદારો જોઈતા સાધન અને આ લોકઉપકારક યોજના સર્વ તૈયાર છે. જેથી ઇચ્છીએ કે આનો અમલ બનતો વહેલો થશે.

તા.10-9-1941

રેવાશંકર.ઓ. સોમપુરા

## 8.18 સંસ્થાન ભાવનગર ની પ્રજાની સાક્ષરતા ઊંચી લાવવાની યોજના - રૂપરેખા

**સાક્ષરતા થી થતા ચતુવિદ્ય લાભ :-**

1. બુદ્ધિજીવી રીતે જીવવાની શક્તિ કેળવાય.

2. સુરાજયનાં શહેરી તરીકે કુટુંબ તથા સમાજ પ્રત્યેનું ભાન થાય.

3. ગરીબી છોડી પૂરતું દ્રવ્ય કમાવાની શક્તિનો વધારો (વિકાસ) થાય.

4. સુસંસ્કાર સાધી શકાય.

તા. ક. ગામોન્નતિ નો આધાર મુખ્યત્વે સાક્ષરતા પર છે.

| **દેશ વિભાગ** | **દર 1000 પુરૂષોએ ભણેલા** | **દર 1000 સ્ત્રીઓ એ ભણેલી** | **સાક્ષરતા %** |
|---|---|---|---|
| બ્રિટિશ જિલ્લા | 176 | 31 | 10.55% |
| ગુજરાત- દેશી રાજયો | 254 | 46 | 15% |
| કાઠિયાવાડ દેશી રાજયો | 234 | 54 | 14.4% |
| વડોદરા રાજય | 330 | 130 | 23% |
| ભાવનગર રાજય | 258 | 88 | 17.3% |
| યુરોપ-અમેરિકા વિવિધ દેશો | ------------- | -------------- | 75 થી 95 % |

**કોઠા ક્રમાંક: 9 ગુજરાત કાઠિયાવાડની સાક્ષરતા**

| ક્રમ | હેડ | સંખ્યા |
|---|---|---|
| 1 | વસ્તી (1941) | 625 હજાર |
| 2 | ભણેલ વસ્તી | 1,10 હજાર |
| 3 | અભણ વસ્તી | 5,15 હજાર |
| 4 | ભણેલ બાળકો (શાળામાં છે) | 44 હજાર |
| 5 | અભણ બાળકો | 41 હજાર |
| 6 | મોટી વયના માણસો તથા પાંચ વર્ષથી નાના બાળકો | 5,40 હજાર |
| 7 | ભણેલા મોટી વયના લોકો | 68 હજાર |
| 8 | અભણ મોટી વયના લોકો | 4,72 હજાર |
| 9 | શહેરની વસ્તી આશરે | 2,00 હજાર |
| 10 | ગામડાની વસ્તી | 4,25 હજાર |

**કોઠા ક્રમાંક 10 : સંસ્થાન ભાવનગર સાક્ષરતા (1941) નાં વિગતવાર આંકડા**

ઉપરના કોઠા બીજાની અનુક્રમે વિગત

1. 3,25 હજાર પુરૂષો, 3000 સ્ત્રીઓ

2. 83,800 પુરૂષો 25.8 %, 26,400 સ્ત્રીઓ 8.8% એકંદરે સાક્ષરતા 17.3%

3. 2,41,200 પુરૂષો - 74.2%, 2,73,600 સ્ત્રીઓ - 91.2 % એકંદરે નિરક્ષરતા 82.7%

4. 36 હજાર છોકરા શાળા માં જાય તે વયના છોકરા 15% લેખે ગણાતા કુલ છોકરાની સંખ્યા 49 હજાર- છોકરા ની સાક્ષરતા 73%

   8 હજાર છોકરીઓ :-

   શાળામાં જાય તે વયની છોકરીઓ 12% લેખે ગણાતા કુલ છોકરીઓની સંખ્યા 36 હજાર- સાક્ષરતા 22 %

5. 13 હજાર છોકરા (49-36 = 13) નિરક્ષરતા 27%

   28 હજાર છોકરીઓ (36-8 = 28) નિરક્ષરતા 78%

6. 2,76 પુરુષો (325-49 = 276)

   2,64 હજાર સ્ત્રીઓ (300-36 = 264)

7. 49 હજાર પુરુષો - (84-35 = 49) સાક્ષરતા 17.7%

   19.5 હજાર સ્ત્રીઓ - (36.5-7 = 29.5) સાક્ષરતા 7.3%

8. 227 હજાર પુરૂષો - નિરક્ષરતા 82.3%

   244.5 હજાર સ્ત્રીઓ નિરક્ષરતા 92.7%

   એકંદરે નિરક્ષરતા 87.4

9. ભણેલી શહેરીઓ - 60 હજાર (શહેરની સાક્ષરતા 30% ગણતા) અભણ શહેરી - 140 હજાર

10. ભણેલા ગામડાના લોકો - 50 હજાર (ગામડાની સાક્ષરતા 12 % ગણાતા) અભણ ગામડાનાં લોકો 375 હજાર.

| ક્રમ | હેડ | સંખ્યા |
|---|---|---|
| 1 | રાજયની પ્રાથમિક શાળા | 300 |
| 2 | રાજયની પ્રાથમિક શાળાનાં શિક્ષકો | 500 |
| 3 | પ્રથમ 4 ધોરણનાં શિક્ષકો | 400 |
| 4 | અભણ જનસંખ્યા | 5,15 હજાર |
| 5 | નાનાં બાળકો અશક્ત અને વૃદ્ધ | 1,56 હજાર |
| 6 | ભણી શકે તેવા લોકો | 3,59 હજાર |
| 7 | શહેરી અભણ લોકો | 90 હજાર |
| 8 | શહેરી અભણ લોકો | 100 |
| 9 | શહેરમાં ઉપર નં 3 માં ગણાવ્યા તે લોકો | 2,69 હજાર |
| 10 | ગામડાનાં અભણ લોકો | 300 |
| 11 | ગામડામાં ઉપર નં 3 માં કહ્યા તે શિક્ષકો | 75 શિક્ષકો |

**કોઠા ક્રમાંક 11 : સંસ્થાન ભાવનગર ની પ્રજાની સાક્ષરતા ઊંચી લાવવાનો માર્ગ**

કોઠા ત્રીજાની અનુક્રમે વિગતો

3 જેમને રોજનું 4 કલાક કામ આપવાથી પાઠ્યક્રમ પૂરો થઈ શકે તેમ છે. જેથી કૂમળા બાળકો એ શાળામાં 5।। કલાક ગોંધાઈ રહેવું ન પડે ને શરીર સુદ્રઢ થાય. આમ આ શિક્ષકોને ફાજલ રહેતા રોજનાં 1।। કલાકનો ઉપયોગ નિરક્ષરતા નિવારણ માં સહેજે થઈ શકે તેમ છે.

5. આવા લોકોની સંખ્યા 25% લેખે ગણાય છે હિસાબે 156 હજાર

7. 60 હજાર ભણેલા +50,000 ઉપર નં- 5 માં ગણાવ્યા તે = 110 હજાર (200-110 = 90)

8. દરેક શિક્ષક 3 માસમાં 25 જણ ને રાત્રિ શાળા દ્વારા અક્ષરજ્ઞાન દે અને આ શિક્ષકો વર્ષમાં 3 માસ આરામ લે ને માત્ર 9 માસ જ કામ કરે તો દરેક જણ દર વર્ષે 75 જણ ની નિરક્ષરતા દૂર કરી શકે. આમ 100 શિક્ષકો દ્વારા વર્ષે 7.5 હજાર જણની અને 12 વર્ષમાં 90 હજાર શહેરીઓની નિરક્ષરતા દૂર કરી શકે.

9. 50 હજાર ભણેલા +106 હજાર ઉપર નં - 5 માં તે - 156 (425-156 = 269)

10. દરેક શિક્ષક ખેતી સિવાય નાં વર્ષના માત્ર 4 માસ જ શાળા સવારની રાખી બપોરે ચોરામાં આ કામ કરે તો દર વર્ષે 60 જણ ને અક્ષરજ્ઞાન દે તો વર્ષે 300 શિક્ષકો 18 હજાર લોકોની નિરક્ષરતા દૂર કરે તો વર્ષે 300 શિક્ષકો 18 હજાર લોકોની નિરક્ષરતા દૂર કરે અને 12 વર્ષમાં 216 હજાર જણ સાક્ષરતા પામે.

11. જ્યોતિ સેવા સંઘ કે એવી સંસ્થામાંથી માસિક રૂ. 15 નું વેતન આપી 75 બહેનોને દર વર્ષે ઉનાળાનાં 4 માસ સેવા લઈ શકાય. તે દરેક 50 સ્ત્રીઓની નિરક્ષરતા દૂર કરે તો દર વર્ષે 3.75 હજાર સ્ત્રી સાક્ષરતા પામે અને આમ 12 વર્ષમાં ગામડાની 45 હજાર સ્ત્રીઓની નિરક્ષરતા દૂર થાય.

આમ, માત્ર 12 જ વર્ષમાં સાક્ષરતા 75% પર લાવી શકાય તેમ છે .

| **અનુક્રમ** | **હેડ** |
|---|---|
| 1. | શહેરોની 1oo રાત્રિશાલા માં દીવાબત્તી |
| 2 | સ્લેટ પેન , કાગળ, પેન્સિલ, ઈ. કાન્ટીજન્સી ખર્ચ |
| 3 | પુસ્તકો, માસિક, ઈ. |
| 4 | ફરતા પુસ્તકાલય |
| 5 | પગાર |
| 6 | ઉત્તેજનાર્થ ઇનામ |
| 7 | લોકપ્રિય આખ્યાનો |
| 8 | પ્રિયદર્શન  - સિનેમા |
| 9 | પ્રિયજીવણ બ્રોડકાસ્ટ |

**કોઠા ક્રમાંક 12: સાક્ષરતા ઊંચી લાવવામાં થનાર ખર્ચનો અંદાજ**

કોઠા 4 ની અનુક્રમે વિગત

એક જ વખત થનાર ખર્ચ રૂપિયા

1. દરેક શાળા માં દર 8 જણ વચ્ચે 1 ફાનસ

શાળા દીઠ 3 ફાનસ = 300 ફાનસ (શહેરોમાં ) રૂ.500 લેખે

2. દરેક શાળામાં 30 સ્લેટ (2.5) ડઝન

400 શાળામાં 1000 ડઝન સ્લેટ રૂ. 2000 લેખે

3. સામાન્ય અક્ષરજ્ઞાન નાં પુસ્તકો શાળા દીઠ

રૂ.10નાં 400 શાળાનાં રૂ. 4000 લેખે

4. દરેક પુસ્તક પેટે

રૂ. 100 એવી 6 પેટીના રૂ. 6000 લેખે

8. મુંબઈ સરકાર નાં લેબર વેલ્ફેર ડિપાર્ટમેન્ટ વસાવ્યા છે તેવા સિનેમા પ્રોજેક્ટ તથા લોક કેળવણી વિષયક ફિલ્મ યુનિટો - રૂ. 6000 લેખે

9. રેડિયો નાં સ્ટોરેજ સેલ વાળા બે સેટ - રૂ.1500

કુલ ખર્ચ રૂ. 20,000

દર વર્ષે થનાર ખર્ચ

| | | |
|---|---|---|
| 1. | દરેક ફાનસ પર ઘાંસલેટ , ચીમની. ઈ | 1500 |
| | તમામનું ખર્ચ રૂ. 5 ગણાતા 300 ફાનસનું | |
| 2. | પેનો પેન્સિલ કાગળ પાછળ | 1600 |
| | શાળા દીઠ રૂ. 4 લેખે 400 શાળાના | |
| 3. | દૈનિક અઠવાડિક કે માસિક જેવા વાંચન | 2400 |
| | પાછળ શાળા દીઠ રૂ. 6 લેખે 400 શાળામાં | |
| 4. | દર પેઢી દર કેળવણી | 300 |
| | ખર્ચ વાર્ષિક રૂ 5 લેખે | |
| | 5.75 બહેનોને રૂ. 15 નાં વેતનથી | 450 |
| | રોકાતા 4 માસનાં | |

6. શિક્ષકો વધુ સંખ્યા ની નિરક્ષરતા દૂર કરે શિષ્યો

વધુ સામાન્ય જ્ઞાન મેળવે તે હરીફાઈ પાછળ 200[13]

## 8.19 શિક્ષક સમાજ માટે કેટલીક માર્ગદર્શક સુચના

ભાવનગરમાં કેળવણી ખાતાના "શિક્ષક સમાજ " એ ઘણા વખતથી અને જૂની પ્રણાલિકા છે. પરંતુ તેનો અમલ કોઈક  જ સ્થળે થતો જણાય છે. એવી રીતે થતા "શિક્ષક સમાજો" બહુ ઉપયોગી નીવડતા નથી. અને આ બહુ ઉપયોગી પ્રવૃત્તિ શરૂ કરવાને માટે તથા નિયમિત તેનું કામ થવા માટે હાલમાં કેળવણી ખાતા તરફથી તા.6-12-42 તથા તા.6-4-42  એમ બે વાર ફરમાન કાઢીને નિયમિત આ પ્રવૃત્તિ શરુ છે તે માટે સૂચના કરેલ છે.

"શાળા અંગે કેટલાક સુધારા" એ શીર્ષક નીચે તા. 31 મી ઓક્ટોમ્બર 1942 નાં 'ભાવનગર સમાચાર' નાં અંકમાં પ્રસિદ્ધ થયેલો આ લેખ બહુ ઉપયોગી છે. પણ તેમાં શિક્ષક સમાજ' સબંધી કશો ઉલ્લેખ નથી. જેથી "શિક્ષક સમાજ"  ને ઉપયોગી થઈ પડે તથા કૈક માર્ગદર્શક થાય એ ઉદ્દેશથી નીચેની હકીકત મારા અનુભવ પ્રમાણે આપું છું.

1. ફરમાનો માં સ્પષ્ટ કરવામાં આવેલ છે તે મુજબ મહાલના મુખ્ય ગામે અથવા તો જે શાળા સાત ધોરણ રાખવી હોય તે શાળામાં શિક્ષક સમાજ નિયમિત રીતે દર માસનાં પહેલા બુધવારે 3 થી 4 સુધી મેળવવા આ સમાજ માં આજુ બાજુ જે જે શિક્ષકો તે ગામે આવી પોહંચે તેમ હોય અને પાછા સહેલાઈથી સાંજે પોતાના ગામે જઈ શકે તેમ હોય તેવી શાળા માં આમંત્રણ આપતું.

2. નક્કી કરેલ ટાઈમે અને નક્કી કરેલ કાર્યક્રમ મુજબ કાર્ય શરુ કરી દેવું અને આ માટે આગળથી "શિક્ષક સમાજ" માં હાજર રહેનારા શિક્ષક તથા શિક્ષિકા શું શું કાર્ય કરવાનું છે તથા પોતે શી બાબત ઉપર ચર્ચા કરવા માંગે છે વગેરે આગળથી જણાવી દેવું અને જાણી લેવું.

3. શિક્ષક સમાજ નો કાર્યક્રમ શિક્ષક સમાજમાં નીચે પ્રમાણે વિષયો ચર્ચાવાને માટે લાવવા જોઈએ.

- કોઈકવાર એકાદ નિબંધ, એકાદ વિષય પર લાવવો

- શીખવાના વિષયોમાંથી શંકાવાળા પ્રશ્નોની નોંધ લેવા પ્રશ્નો શોધીને તૈયારી કરી લાવવો અને સમાજમાં તેની ચર્ચા કરવી.
- એકાદ વિષય ઉપર સારા શિક્ષક પાસે પધ્ધતિ પાઠ આપવવો અને તે ઉપર ચર્ચા થવા દેવી.
- ખાતા તરફથી થયેલા સર્ક્યુલરો અને તે સંબંધમાં કઈ સ્પષ્ટિકરણ કરવા જેવું લાગતું હોય તેની શિક્ષણ સમાજમાં ચર્ચા કરાવી.
- શિક્ષકને પોતાના કામને અંગે પડતી મુશ્કેલીઓ સબંધી પ્રશ્નો પણ સમાજ માં મુકવા કે જેનો ઉકેલ થઈ શકે.

4. શિક્ષક સમાજમાં કેળવણીમાં રસ લેનારા કોઈ હાજરી આપે એ વધારે મહત્વનું છે. તો એવા કોઈ વિદ્યાપ્રેમી બંધુને આવા સમાજમાં આમંત્રણ આપવું અને તેનો મળતો લાભ લેવો.

5. શિક્ષક સમાજનો સમય ફકત એક કલાક રાખવાનો છે. તેમાં યોગ્ય અયોગ્યનો વિચાર કરીને ઉપર જણાવેલા વિષયો દાખલ કરવા.

6. સમાજ રસિક થાય તેનો બધો આધાર શિક્ષક સમાજ મેળવનાર શાળાનાં સંચાલકો ઉપર છે. તેમણે આવા સમાજ વખતે શાળાનાં વિદ્યાર્થીઓ પાસેથી શરુઆતમાં અને છેવટે પ્રોગ્રામ કરાવવો.

ઉપર મુજબની હકીકત શાળાનાં શિક્ષકો ને ઉપયોગી થઈ પડે તે માટે દર્શાવી છે. ‘ભાવનગર સમાચાર’ નું પેપર શાળાવાળા લગભગ બધા ગામે જતું હોવાથી શાળાનાં શિક્ષકોને જરૂર આથી માર્ગદર્શન થશે. મહાલનાં મુખ્ય ગામ સિવાય પણ જે જે ઠેકાણે સગવડતા હોય ત્યાંના ઉત્સાહી શિક્ષકોએ આ પ્રવૃત્તિ અવશ્ય ઉપાડી લીધા જેવી છે. અને મારા માનવા પ્રમાણે તો કોઈ પણ શાળા દર માસે શિક્ષક સમાજમાં લાભ સિવાય રહેવી ન જોઈએ.

આ માટે મહાલનું "શિક્ષક મંડળ" પણ સ્થાપવાની જરૂર છે અને પ્રસંગ મળે મહાલ શિક્ષક સંમેલન પણ મળવા જેવું છે. એવા સામેલનો તો દરેક મહાલે એકાદ વર્ષમાં એક થાય અને તેનો કાર્યક્રમ બે દિવસનો રહે. તેની પધ્ધતિ કેવી હોય એ વગેરે ની હકીકત કાર્ય પછી પ્રસંગ મળે લખવામાં આવશે.

**- રેવાશંકર ત્રિભોવન ત્રાપજકર** [14]

## ઉપસંહાર :

'ભાવનગર સમાચાર' માં સાંસ્કૃતિક ક્ષેત્રે અનેક માહિતીઓ રજુ કરવામાં આવતી હતી. ખાસ કરીને કેળવણિના ક્ષેત્રની લોકો સુધી માહિતી પંહોચતી હતી એ સમયની શામળદાસ કોલેજની વિગતો આંકડા સહિત રજુ કરવામાં આવતી અને બીજા રાજ્યો, એજન્સીઓની તુલનાત્મક વિગતો રજુ થતી. રાજ્યના દવાખાનાઓ અને હોસ્પિટલોની માહિતી પણ લોકો સુધી પંહોચાડવામાં આવતી હતી. બાળદિનની ઉજવણી વિશે પણ વિસ્તારથી લોકોને માહિતી અપાતી.આ ઉપરાંત ભાવનગર સમાચાર દ્વારા ડૉ.મોન્ટેસરીના જીવન વિશે પણ લેખો છાપવામાં આવતા હતા. આ બધી પ્રવૃત્તિઓ દ્વારા લોકોના માનસિક વિકાસનો પ્રયત્ન ભાવનગર સમાચાર દ્વારા થતો. શિક્ષકોની ટ્રેનિંગ કેમ્પોના અહેવાલો રજુ થતા હતા. ભાવનગરની ગર્લ્સ હાઇસ્કૂલની બહેનોને ‘ફર્સ્ટ એઇડ’ અને ‘ગર્લ્સ ગાઇડ’ ના સિદ્ધાંતોની રજુઆત થતી. આમ માત્ર લોકોનીજ નહિં પરંતુ સમાચાર પત્રોની પ્રવૃત્તિઓ વિશે પણ ભાવનગર સમાચારે લેખો લખ્યા છે. જેથી લોકોને સમાચાર પત્રોના આદર્શો અને સિદ્ધાંતો વિશે માહિતી મળતી. આ ઉપરાંત રમત ગમત ક્ષેત્રની ટુર્નામેન્ટોની પણ માહિતી રજુ થતી. લોકોના જીવનમાં મહત્વ ધરાવતા ગોપનાથ મહાદેવના ભાદરવીના મેળા વિશે પણ લેખો લખવામાં આવતા. આમ ભાવનગર સમાચાર દ્વારા ભાવનગરના લોકોની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિશે વિગતે ચર્ચાઓ થતી.

******

# પાદનોંધ

1. **‘ભાવનગર સમાચાર’**, તા.15-01-1940, અંક-3 , પૃ.3,4
2. એજન, પૃ.7
3. એજન, તા.29-02-1940, અંક-4, પૃ.1
4. એજન, તા.15-03-1940, અંક-5, પૃ.4,5
5. એજન, તા.31-03-1940, અંક-6, પૃ.1,2
6. એજન, તા.31-05-1940, અંક-10, પૃ.5,6
7. એજન, તા.15-06-1940, અંક-11, પૃ.8
8. એજન, તા.31-07-1940, અંક-14, પૃ.11,12
9. એજન, તા.15-08-1940, અંક-15, પૃ.1,2
10. એજન, તા.31-08-1940, અંક-16, પૃ.14
11. એજન, તા.15-09-1940, અંક-17, પૃ.10,11
12. એજન, પૃ.12,13
13. એજન, તા.15-02-1942, પૃ. 11
14. એજન, તા.30-11-1942, પૃ.3,4

******